સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ ૪૦ સંવત ૨૦૭૪ પોષ, જાન્યુઆરી – ૨૦૧૮ અંક – ૧



પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવના પ્રસંગે. તા. ૮-૧૨-૨૦૧૭ને શુક્રવારના શુભ દિવસે ઓઝરાળા ગામે શોભાયાત્રા ધામધૂમથી ભજન-કીર્તન-ગરબી લેતા આનંદ વિભોર બન્યા હતા.

સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય




સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૪૦ / જાન્યુઆરી–૨૦૧૮/ અંક–૧


## અનુક્રમણિકા


**૪** પ.પૂ. સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવમાં સંતોએ આપેલ શ્રદ્ધાંજલી
**કીરણ મહેશભાઈ ભરોડિયા**

**૧૮** નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા બાળ વિકલાંગ અંગ સુધારણા વિશે માહિતી
**પોપટભાઈ એસ. કુકડીયા**

**૧૯** પાનથેરાપી **સંકલન**

**૨૦** ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ઓઝરાળા
**ગોરધનભાઈ જે. ગાબાણી**

**૨૧** સત્સંગ સમાચાર
**સંકલિત**

**૨૨** સત્સંગ સમાચાર
**સંકલિત**


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ००૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**


**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ००૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

# પ.પૂ. સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવમાં સંતોએ આપેલ શ્રદ્ધાંજલી

કીરણ મહેશભાઈ ભરોડિયા
(પાલડી)



■ **પ. પૂ. બ્ર. શ્રી જયાનંદજી મહારાજ**

**''ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુર્ગુરૂર્દેવો મહેશ્વરઃ**
**ગુરૂસાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ''**
**ॐ भद्रं नो अपिवातय मनः**
**ॐ शांतिः शांतिः शांतिः**

આ મહોત્સવના પરમાધ્યક્ષ પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય અનંત શ્રી વિભૂષિત માધવપીઠાધીશ્વર મહામંડલેશ્વર પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી તથા વિશ્વનાથ સન્યાસ આશ્રમ દીલ્હીથી પધારેલ પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય અનંત શ્રી વિભૂષિત નિરંજન પીઠાધીશ્વર આચાર્ય મહામંડલેશ્વર પૂજ્ય સ્વામીજી મહારાજ શ્રી તથા હરદ્વાર કનખલ સાધના સદનથી પધારેલ પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય અનંત શ્રી વિભૂષિત પરમાદશ આચાર્ય મહામંડલેશ્વર પૂજ્ય સ્વામીજી મહારાજ શ્રી તથા પરમ પૂજ્ય અનંત શ્રી વિભૂષિત સ્વામી શ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ શ્રી તથા ઉપસ્થિત વિશ્વવંદનીય સંતવૃદ તથા મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો.

આજે આપણે ઓઝરાળા ગામની પાવન પવિત્ર ભૂમિ ઉપર પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજના ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ શ્રધ્ધા, ભક્તિ અને ભાવ પૂર્વક મનાવી રહ્યા છીએ. જે માધવાનંદજી મહારાજ શ્રી ૧૩૭ વર્ષ પૂર્વ પોતાનું પંચભુત શરીર છોડી વિદેહ કૈવલ્ય પદને પ્રાપ્ત થયા. સમગ્ર સંસારની જો પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ હોય, જાણવા યોગ્ય હોય તો આ મોક્ષ પદ છે. મુમુક્ષો ! જો સંસારના હજારો કામો સુધારે પણ જો એક કામ મોક્ષ બગાડે તો હજારો કામો બગડેલા છે. પરંતુ જો હજારો કામ બગાડે પણ જો એક મોક્ષ કામ સુધારે તો એ હજારો કામ સુધરેલા છે. એટલે હંમેશા જો સંસારની અંદર સારામાં સારૂ પદ હોય તો મોક્ષપદ છે. અને તે મોક્ષ પદ છે તે ગુરુ ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થાઈ શકે છે. એટલા માટે જ આજનો વિષય ગુરૂ ભક્તિ રાખવામાં આવ્યો છે. તો હંમેશા મનુષ્યે સમગ્ર સંસારની અંદર પરમાત્માતો રહેલા જ છે પણ એ સમગ્ર સંસારના જે દેવતાઓ છે તે એકની અંદર જો આપણે જોવા હોય તો એ સદ્ગુરૂની અંદર બીરાજમાન છે. તો હંમેશા મનુષ્ય જન્મ સફળ કરવા માટે હંમેશા તન મન અને ધન થી આપણે ગુરુ ભક્તિ કરવી જોઈએ કારણ કે શાસ્ત્ર અનેક છે અને શાસ્ત્રની અંદર સંચય પણ બહુજ રહેલા છે. ગમે એટલો શાસ્ત્રવૃત હોય, બુદ્ધિમાન હોય છતા પણ જ્યાં સુધી સદ્ગુરૂના ચરણ સ્વીકાર કરતો નથી ત્યાં સુધી પૂર્ણરૂપથી જ્ઞાન થતું નથી. ત્યાં સુધી આ સંસારનો

અંત આવતો નથી તો હંમેશા મનુષ્ય દેહની અંદર જો ગુરુ ભક્તિ હોય તો હંમેશા ગુરુ ભક્તિ કરીને મનુષ્ય દેહની અંદર સફળતા રહેલ છે અને જે સદ્‌ગુરુજીએ આપણને જે ઉપદેશ આપ્યો છે એને હંમેશા ગ્રહણ કરીને એ પ્રમાણે આપણે જીવન બનાવીએ એજ સાચી ગુરૂ ભક્તિ છે.

■ **પ.પૂ. સ્વામી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ**

**ૐ તત્સદ બ્રહ્મણે નમઃ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

જેમ કે આજ આપણે જાણીએ છીએ કે સ્વામીજી મહારાજ શ્રીના નિર્વાણ જયંતિ મહોત્સવ નિમિત્તે આપણે અહીં એકઠા થયા છીએ. સ્વામીજી મહારાજ શ્રી આજના દીવસે પોતાના આ દેહ પરિચ્છેદનો ત્યાગ કરીને સર્વત્ર વ્યાપ્ત પરમાત્માની પોતાના સ્વરૂપથી ઓળખી અને વિશ્વની અંદર વ્યાપક રૂપથી લીન થઈ ગયા, બ્રહ્મરૂપને પ્રાપ્ત થઈ ગયા, નિર્વાણ પદને પ્રાપ્ત થય ગયા. નિર્વાણ પદને પ્રાપ્ત થવું એટલે દેહાતીત અવસ્થાને પ્રાપ્ત થવું. શાસ્ત્રમાં બતાવ્યું **અશરીરંવાવ-સન્તંન પ્રિયાપ્રિયેષુ શત્તઃ** જે અશરીર ભાવને પ્રાપ્ત થાય છે અને પ્રિય અને અ પ્રિય, સુખ દુઃખ ઉપલક્ષીત સમગ્ર સંસારનાં દુઃખો એને લાગતા નથી પરમાત્માને સર્વત્ર વ્યાપક થવું. હમણા આપણે સુંદર સર્ચા સાંભળી ઈશા વાસ્યદઉપનિષદની ઈશાવાસ્યમિદતે સર્વમ ભગવાન ભસ્યકાર ઈશા શબ્દનો અર્થ કહે છે ઈષ્ટ ઈતિ ઈટ્તેન ઈશા પરમાત્માથી આ સમગ્ર સંસાર વ્યાપ્ત છે. અર્થ ઈશધાતુથી આ ઈશા શબ્દ બને છે તૃતીયા વિભક્તિ.

જેમ ચંદનના ટુકડાને પાણીની અંદર ડુબાડી દેવામાં આવે અને એની ઉપર કાંઈ (લીલ) લાગી જાય અને કાંઈનું ઘરશણ કરવાથી એની જે સુંગધ છે તે પ્રાપ્ત કરી શકાય છે. સર્વત્ર વ્યાપ્ત પરમાત્મા નજીકથી આપણને દેખાતા નથી. પણ ચર્મ ચક્ષુથી ભલે ન દેખાય પણ એના પ્રકારોથી જોવાય.

સામવેદી છોદોગ્યોપનિષદની અંદર મર્હષી ઉદાલકજી એના પુત્ર શ્વેતકેતુ ને કહે છે.

**''યો વૈ અણિમા એતદાત્મા ઈદં સર્વં**
**તત્સત્યં સ આત્મા તત્ત્વમસિ શ્વેતકેતુ''**

શ્વેતકેતું કહે છે કે પિતાજી મને તો ક્યાય પરમાત્મા દેખાતા નથી. એટલે ઉદાલકજીએ કહ્યું કે બેટા તું એવું કર એક પાણીનો કટોરો લઈ આવ એક મીઠાનો ગાંગડો લઈ આવ શ્વેતકેતું લઈ આવ્યો. તો કહ્યું કે મીઠાના ગાંગડાને પાણીની અંદર ડુબાડી દે. પછી સવારે આવજે મારી પાસે શ્વેતકેતું સવારમાં પાણી લઈને ગયો તો ઉદાલકજીએ કહ્યુ કે મે તને રાત્રે જે મીઠાનો ગાંગડો આપ્યો હતો તે લાવ તો શ્વેતકેતુ કહે છે કે તે તો ઓગળી ગયો ઉદાલકજી કહેવા લાગ્યા કે બેટા તને આ પાણીની અંદર જે મીઠાનો ગાંગડો દેખાતો નથને! આંખદ્વારા નથી દેખાતોને, તો કહે ના પીતાજી, તો આંખદ્વારા ન દેખાયતો અન્ય ઈન્દ્રીયોથી તેને અનુભવી શકાય છે એટલે કહ્યું કે જો તુ તેને પ્રત્યક્ષ કરવા માંગતો હો તો કે આ પાણીની અંદર મીઠાનો ગાંગડો છે તો તેને સાખ ઉપરથી નીચેથી આજુ બાજુથી બધી જગ્યાએથી સાખ તો કહ્યું કે કેવું લાગ્યું. તો કહે ખારૂ લાગ્યું તો બેટા જે વસ્તું આંખથી નથી દેખાતી તો તે રચના ઈન્દ્રીયથી દેખાય એમ જે ચર્મ ચક્ષુથી પરમાત્માં નથી દેખાતાને? તે સજ્જનો ગુરુના ઉપદેશથી દેખાય છે.

**આચાર્યવાન્હિ પુરૂષો વેદ**

એટલે ગુરૂ ભક્તિની પરમ આવશ્યકતા છે તે આપણે કરી રહ્યા છીએ અવશ્ય આપણને ગુરૂભક્તિ દ્વારા આપણને આપણા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય અને આપણે પરમાત્મા પદને બ્રહ્મપદને પ્રાપ્ત થઈએ એજ સ્વામીજીમહારાજશ્રીના ચરણોમાં શ્રદ્ધાંજલી .

■ **પ.પૂ. સ્વામી શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ**

આજે ભક્તિ શબ્દ ઉપર વિચાર કરીએ તો નારદ ભક્તિ સુત્રમાં કહેવામાં આવ્યું છે, ભક્તિનો અર્થ છે **સ્વાત્વસ્મિન્ પરમ પ્રેમ રુપા** પ્રેમ અને પ્રેમની અંદર થોડાક ઉંડા ઉતરીએ તો આજે પ્રેમાસ્પદ તત્વમાં આગળ વધીએ તો

**ઈયમાત્મા પરાનન્દઃ પરપ્રેમાસ્પદં યતઃ ।**
**માન ભૂવં હિ ભૂયાસમિતિ પ્રેમાત્મનીષ્યતે ॥**

અહિંયા જે આત્મ શબ્દ છે ને! અની અંદર સંવિદ સંવેદના સંવિદ રૂપમાં, પ્રેમરૂપમાં, ભક્તિના સ્વરૂપમાં જો જોવા જઈએ તો આત્મા એજ પ્રેમ છે ને પ્રેમ એજ આત્મા છે. અને એટલા માટે તમને અને મને કોઈને પણ કોઈની ઘ્રીણા ગમતી નથી તમે જો કોઈના ઘરે જાવને મોઢુ બગાડેને તો આપણને એમ થઈ જાય કે ફરીને અહીં અવાય નહીં. **"આવ નહી, આદર નહી, નહી નયનમે નેહ તુલસી વહા ન જાઈએ ભલે કંચન વર્ષે મેહ."** ભગવાન પરમાત્મા બધાના હૃદયમાં બીરાજમાન છે તમારી અંદર પ્રમાત્મા છે એનુ પ્રમાણ પ્રુફ એ છે કે તમને કોઈને કોઈનો અનાદર ગમતો નથી જો તમને કોઈનું અપમાન પસંદ હોય, અનાદર ગમતો હોય તો સમજી લેવું કે આત્માની અંદર પ્રેમ નથી, આ સાબીતી. પ્રત્યક્ષ પ્રમાણ તો હું ને તમે સાબીત કરવા જાવ તો આનાથી સીધ્ધ થઈ જાય છે. આપણે આત્મા પ્રેમ રૂપ છે અને એટલે જ તમારે અને મારે આપણે પણ ખરેખર બીજાની પાસેથી માન આદર જોતું હોય તો

**આત્મતઃ પ્રતિકુલાનિ પરેષા ન સમાચરેત્ ॥**

બીજાની સાથે આપણે એવું આચરણ ન કરવું કારણ કે

**શ્રૂયતાં સર્વ ધર્માણાં શ્રુત્વા ચૈવાવધાર્યતામ્ ।**

જ્યાં સુધી સમગ્ર શાસ્ત્રનો સાર એજ આટલા વાક્યમાં કહી દીધુ ધર્મનું સ્વરૂપ દરેક વ્યક્તિનો આત્મા પ્રેમ સ્વરૂપ હોવાથી તેને માન સત્કાર આપણે આપીએ છીએ એટલે જ સ્વામીજીએ આપણને બધાને જ માધવાનંદ સ્વામી... ઘણા લોકો ફરીયાદ કરે છે કે આપણે ભગવાન રામની કૃષ્ણની આ બધી મુર્તિ આપણે આશ્રમમાં કેમ મુકતા નથી. એટલા માટે નથી મુકતા યાદ રાખજો આપણે અહીંયા સગુણ સાકાર રૂપમાં આપણી સામે છે. તમારા ને મારા હૃદયમાં સચ્ચિદાનંદ છે તેને આદર આપી આપણી પરંપરા જે પ્રાચીનરૂપમાં હતી આપણે એક બીજાને ભેટી પડતા હતા, આદર આપતા હતા. જેમ આપણે હમણા જોયો આ ઓઝરાળા ગામે નવો ચમત્કાર કર્યો તેને આપણે જોરદાર તાળીઓથી વધાવીએ કેમકે એનો પ્રેમ એક સો ને સાડત્રીસ (૧૩૭) ફુટ લાંબા હાથથી જેમને આપણા હૃદયમાં આ પ્રેમ વ્યક્ત કર્યો.

આવી ક્રાન્તિ કોઈને શીખવાડવી ન પડે અંદરથી ઉદીત થાય. એનુ નામ છે, સ્વ સ્વયંભુ અંદરથી પ્રગટ થાય શીખવાડવી ન પડે. માણસની બહાર નિકળે એનુ નામ છે ક્રાંતિ. જ્યાં ભ્રાંતિ નામની કોઈ ચીજ નથી ત્યાં શાંતિ થાય છે. એટલા માટે આપણે બધા સદ્ગુરૂના ચરણમાં ભક્તિના રૂપે તમો ને હું જ ખરેખર શ્રધ્ધાંજલી અર્પણ કરવા આવ્યા હોઈએ તો આપણે બધા એક બીજાના પરસપર પ્રેમસ્પદ રૂપમાં આપણે એક બીજાને પ્રેમરૂપે હૃદયથી જ્યાં જગદ્ગુરુ આપણા બધાની અંદર બીરાજમાન છે તેને આપણે હૃદયથી પ્રણામ કરી આપણી ભાવનાને અહીં અર્પણ કરીએ એજ મારી વાણીને અહીં વિરામ આપુ છું.

## ■ પ.પૂ. સ્વામી શ્રી સુરેશ્વરાનંદ સાગરજી મહારાજ

આજનો આ મહામહોત્સવ જે મહાપુરૂષના નિર્વાણ જ્યંતિ મહોત્સવના ઉપલક્ષીથી ઉજવાય રહ્યો છે તો જે ભુમિની અંદર પરમાત્માના ચોવિસ અવતારો થયા બીજી કોઈ ભુમિમાં નથી થયા. યાદ રાખજો ચોવિસે ચોવિસ અવતારો કેવલ આ ભૂમિમાં જ થયા છે. જ્યાં પવિત્ર નદીઓ ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરી, સિંધુ, કાવેરી સ.... વહન કરી રહી છે. હીમાલયા જેવા પવિત્ર પર્વતોની શ્રૃખલા. જ્યાં અહલ્યા, મંદોદરી, તારા, સાવિત્રી, દ્રોપદી, અંસોયા જેવી મહાસતીઓ જે ભૂમિ ઉપર પ્રાગટ્ય થયો જેની અંદર પવિત્ર ભુમિમાં ઋષિઓ પ્રગટ થયા જેમ જેમાં રામ, કૃષ્ણ આદિદેવતાઓ પ્રગટ થયા.

આદી દેવતાઓ પણ જે ભુમિની અંદર અનંત કોટી બ્રહ્માંડમાં ના અધિપતી ભગવાન પણ આ ભુમિપર અવતાર લેવાનું પ્રસન કર્યું અને જે ભુમીની

અંદર માતૃ દેવો ભવ, પીતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવનું પૂજન થાય છે. જ્યાં **વસુધૈવ કુટુંબમ્કમ્** ઉદાત ભાવના છે. એ ભુમિની અંદર **ત્રણ પ્રસ્થાનોથી** આપણને સુશોભિત કર્યા. એવા આદી જગદ્ગુરૂ શંકરાચાર્ય ભગવાન પ્રગટ થયા એ ભુમિની અંદર આજથી ૧૩૭ વર્ષ પહેલા પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મ સ્વરૂપ અનંત કોટી બ્રહ્માંડના અધિપતી પરમાત્માની જે દીવ્ય ચેતના હતી આ ધરાપર પ્રગટ થઈ અને વિષેશમાં તમારા અને મારા હૃદયમાં જે હૃદય અંદર ધબકી રહ્યાં છે એવા યુગપુરૂષ સમ્રાટ વિશ્વ વિરાટ મુર્તિ **પરમ પૂજ્ય સ્વામી શ્રી અખંડાનંદ મહારાજ શ્રી** આ ભુમિની અંદર પ્રગટ થયા એ ભુમિ કઈ છે બોલો ? એ ભુમિ શાસ્ત્રો કહે છે **એતદેશ પ્રસુતતસ્ય સકાહાત્ અગ્રજન્મના સ્વં સ્વં ચરિત્રન્ શિક્ષરેન્ પૃથિવ્યા સવે માનવાઃ ॥** કારણ કે ભારત દેશ પૃથ્વીનો જગદ્ગુરુ છે. બધાનેન એ શિક્ષા આપે છે **શિક્ષેરન્ સર્વે માનવા :** એટલુ જ નહીં અ ભુમિને આકાશમાં રહેવાળા દેવતાઓ પણ વંદન કરી રહ્યા છે **ગાયંતિ દેવાઽખિલગીતકાની ધન્યા સ્તુતે ભારત ભુમિ ભાગે** દેવતાઓ પણ આ ભુમિને આકાશમાં રહેવાવાળા દેવતાઓ બધાને પ્રણામ કરી રહ્યા છે. હે ભારતના વાસીઓ તમે બધા ધન્ય છો ! આ બધી વિભૂતિઓ આ ભારત દેશને સુશોભિત કરી રહી છે **ધન્યા સુતે ભારત ભુમિ ભાગે** હે ભારતમાં રહેવાવાળા લોકો તમે બધા ભાગ્ય શાળી છો જ્યાં આટલું બધુ ભારત દેશને પ્રાપ્ત થયું છે અનેક ઋષિઓ જોવો, અનેક મહાપુરૂષો જોવો, સતીઓ જોવો, સંતો જોવો, શુરવિરો જોવો, રાજપુરૂષો જોવો એ બધા ક્યાં પ્રગટ થયા બોલો ? એ ભારત ભુમિની અંદર. **એતદેશ પ્રસુતસ્ય સકાશાત્ અગ્રજન્મના સ્વં સ્વં ચરિત્રન્ પૃથિવ્યાં સર્વે માનવાઃ** સર્વ સંસારનું વિશ્વને જે બોધ દેવાવાળા છે. એવા ભારત દેશ સર્વનો વિશ્વગુરૂ છે. એ ભારત દેશની અંદર આજથી ૧૩૭ વર્ષની પહેલા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય અનંત શ્રી વિભુષિત પરમ શ્રધ્ધેય સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી વિશ્વગુરુ હતા અને પરમ યોગીરાજ હતા કારણ કે સૌથી પહેલુ આસન તેઓ શ્રી એ વસતડીની અંદર કુવામાં પાણીની ઉપર લગાવ્યું હતુ અને બીજુ આસન આજનો દીવસ ઉજવાય રહ્યો છે. નિર્વાણ જ્યંતિ એ છેલ્લુ આસન પવિત્ર ભુમિ આકરૂગામની અંદર યોગાગ્નિદ્વારા પોતાના શરીરનું યોગગ્નિ દ્વારા છોડી દીધુ હતું. પ્રથમ આસન વસતડીમાં બીજુ છેલ્લુ આસન આકરૂગામમાં એ મહાપુરૂષ કેવા હતા ! શાંત સ્વરૂપ વિરલ સ્વરૂપ યોગ સ્વરૂપ પૂર્વ જન્મનાં યોગભ્રષ્ટ હતા. કારણ કે તેના જીવનની અંદર ત્યાગ વૈરાગ્યના ગુણો બધાને માટે દીવાદાડી સમાન છે. દરિયામાં જેમ દીવાદાંડી હોય છે તેમ સમાજના માટે પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રી આદર્શ હતા. સાથે બધાને આદર્શ પ્રેરણા આપવા જેવું જીવન હતું. સાદુ જીવન અને ઉંચ વિચાર. પૈસો મનુષ્યને મહાન બનાવતો નથી. સાદુ જીવન ને ઉંચ વિચાર મનુષ્યને મહાન બનાવે છે. એ પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીએ પોતાના જીવન દ્વારા ચરિતાર્થ કર્યું અને વિષેશ ન કહેતા જે ગુરૂ ભક્તિ

**યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।**

**તસ્યૈતે કથિતા હ્યર્થા : પ્રકાશન્તે મહાત્મનઃ**

ગુરુગીતામાં કીધુ કે **ગુરુવક્ત્રે સ્થિતા વિદ્યા ગુરુભક્ત્યાં ચ લભ્યતે ।** પાર્વતિજી એ રાજ રાજેશ્વર યોગ યોગેશ્વર ભગવાન શ્રી દેવાધિ દેવ મહાદેવને પ્રશ્ન કર્યો ત્યારે ભગવાને કહ્યું કે હે જગદંબા જે ગુરૂના મુખમાં વિદ્યા હોય છે તે ગુરુની ભક્તિ કરવાથી પ્રાપ્ત થઈ જાય છે. એટલે સ્વામીજી મહારાજશ્રીએ આપણા જીવનનો આદર્શ પ્રાપ્ત કરાવ્યો કારણ કે સમસ્ત જગત આજે કનક અને કાન્તાના સુત્રથી બંધાયેલું છે. એ સ્વામીજી પરમ ત્યાગી હતા.

**કનક કાન્તા સુત્રેણ દિબધ્ધં સકલં જગત્ તત્સુત્ર પરિત્યાગો દ્વિભુજાપરમેશ્વરા** ભગવાન જે બે હાથવાળા ભગવાન જોવા હોય તો **દ્વિ ભુજા પરમેશ્વરા** જેણે કનક ને કાન્તાનો ત્યાગ કરી દીધો છે ને એ

વાસ્તવમાં બે હાથવાળા ભગવાન છે. એટલે માધવાનંદ સ્વામીજી પણ શું હતા ? બોલો ? સાક્ષાત્ પરમાત્માનો અવતાર હતા. વિષેશ નહી કહેતા આજના આ મહાન પાવન મહામંગલ્ય મહામહોત્સવે એ મહાપુરૂષના ચરણોમાં ગુરૂભક્તિ અર્પણ કરતા મારી વાણીને હું અહિં વિરામ આપુ છુ. **બોલ સચ્ચિદાનંદ ભગવાનની જે**

## ■ પ. પૂ. સ્વામી શ્રી મોહનાનંદ સાગરજી મહારાજ

પરમાત્માની પરમ દયાથી દેવોને પણ દુર્લભ એવા ભારતની ભવ્ય દીવ્ય અને પવિત્ર ભુમિમાં અનેક જન્મોના પુણ્યના પ્રતાપે આપણને માનવ જન્મ પ્રાપ્ત થયો છે. પૂર્વ વક્તાવો એ પરમ પૂજ્ય સ્વામીજી મહારાજ શ્રી વિષે ઘણુ ઘણુ વર્ણન કર્યું આપણે અહીંયા આપણા દાદા ગુરૂજી જે ત્યાગ મુર્તિ હતા એવા પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સ્વામીજી શિવોહં સાગરજી મહારાજ શ્રી ના સમાધી સ્થાનના સાંનિધ્યમાં પુરમ પૂજ્ય સ્વામીજીનો ૧૩૭ મો નિર્વાણ જ્યંતિ મહોત્સવ ઉજવી રહ્યા છીએ.

પરમ પૂજ્ય સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ વિષે ટુંકમાં કહેવું હોય તો

**આત્મજ્ઞાનથી બ્રહ્મનિષ્ઠ ભજની મોટા મહાત્મા થયા,**
**જેના સદ્ગુણ વર્ણન કરતા જાયે ન જીભે કહ્યા ;**
**તે આપો અમને સહાય સુખની પ્રાપ્તી નિજાનંદથી,**
**એવા શ્રી માધવનાથ ચરણે નિત્ય નમું પ્રેમથી**

તો તેઓ શ્રી એ આપણને અદ્વૈત જ્ઞાનની પરંપરા બતાવી સંયમ નિયમ ઈત્યાદિ સાધનો બતાવ્યા એ રાહ ઉપર ચાલી આપણે બધા જ્ઞાન, વૈરાગ્ય, મોક્ષના ભાગીદાર બનીએ કારણ કે હજી ઘણા સંતોના આર્શીવાદ લેવાના છે. સદ્ગુરુ ભગવાનને કહીએ કે બધાને ખૂબ ખૂબ સુખ આપે ખૂબ શાંતિ આપે

**સર્વઽત્ર સુખિનઃ સંન્તુ.....**

## ■ પ.પૂ. સ્વામી શ્રી ગણેશદાસજી મહારાજ

પરમ પૂજ્ય સદ્ગુરૂ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રી ના ૧૩૭ માં નિર્વાણ જ્યંતિ પ્રસંગે આ ધર્મ સત્સંગ સભાના પરમાધ્યક્ષ અતિશય પૂણ્ય જ્યારે જમા થયા હોય ત્યારે આપણને સંતોના દર્શન અને સત્સંગનો લાભ મળે અને સત્સંગની અંદર બેસવા માટે બધાને અધિકાર નથી આપ્યો જેના અતિશય પૂણ્ય ભેળા થયા હોય, જેના ઉપર પોતાના ગુરૂની ખૂબ જ કૃપા હોય એજ સંતોના દર્શન કરી શકે છે. અને એજ આવા સત્સંગની અંદર બેસી શકે છે. અને બધાને છુટ નથી આપી આપડે રેલ્વે ના ડબ્બા હોય તેમાં ઘણી બધી ભીડ થતી હોય છે. આપણે સહેલાઈથી મુસાફરી કરવી હોય તો શ્રીમંત બનવુ પડે. એમાય જો ફસ્ટકલાસના ડબ્બામાં મુસાફરી કરવી હોય તો સૌથી વધારે શ્રીમંત બનવું પડે. આપણે બધા સૌથી વધારે શ્રીમંત છીએ એટલે તો આ ફસ્ટ ક્લાસના ડબ્બામાં આવીને બેઠા છીએ સદ્ગુરુઓ એ પરમાત્મા સ્વરૂપ આ જગતની અંદર વિસરણ કરે છે. ભગવાનના દર્શન કરવા હોય તો મંદીર જવું પડે, પણ સદ્ગુરુ તો આપણને ઘેર ઘેર આવીને દર્શન આપે છે એટલે ભક્ત વૃંદ કે સેવક વૃંદ જ્યાં પણ હોય ત્યા અગાડી એને યાદ કરે તો તેનું અંતઃકરણ શુધ્ધ થાય છે અને જન્મો જન્મના દુઃખો નો નાશ થઈ જાય છે. આ તપો ભુમિ છે ઓઝરાળા. તમો બધા બહુ જ નસીબવાન છો. અહીં જે રહેતા હશે તે બહુજ નસીબવાન છો કે આવા સંતોની સેવાનો ને આર્શીવાદનો લાભ પ્રાપ્ત થયો. આમ તો અમે ને તમે કંઈ જુદા નથી મને ઘણા પ્રવચનમાં પુછતા હોય છે કે બાપજી તમારામાં અને અમારામાં ફરક શું ? તમે ભગવા કપડા પહેરો અને અમે રંગીન પહેરીએ તો ઘણીવાર હું કહું છુ કે ગ્રહથી તે કશુ છોડવું હોય તો છોડી શકતો નથી અને સંતો કશું કદાપી સંગ્ર કરતા નથી સંપત્તી તેના માટે તુચ્છ છે પણ જરૂરી છે. સંપત્તી આપણી કરોડરજ્જુ છે પણ સંત સેવા કે સત્ કર્મની અંદર વપરાય તોજ આપણી કરોડરજ્જુ છે. કોઈકે ખૂબ સરસ લખ્યું છે કે **સબ સંપતી રઘુપતી** બધી જ સંપત્તી ભગવાનની છે મનુષ્ય જન્મ ત્રણ વસ્તુ પ્રાપ્ત કરવા માટે આપ્યો છે. જનકરાજા અષ્ટાવક્રને પુછે છે કે કંથમ્ જ્ઞાનમ્ ? કથમ્ વૈરાગ્યમ્ ? કથમ્ મુક્ત તો આ

વસ્તુ પ્રાપ્ત કરવા માટે આપણો જન્મ થયો છે. જ્ઞાન પ્રાપ્ત કરવું, વૈરાગ્ય પ્રાપ્ત કરવો અને પછી મુક્તીને પ્રાપ્ત કરવી એના માટે આપણો જન્મ થયો છે. આપણા સંતો દ્વારા, આપણા મહંતો દ્વારા, આપણા મહામંડલેશ્વરો દ્વારા આપણને એક એવી દીશા ચુસવવામાં આવી છે કે તમે આ દીશાની અંદર જશો તો તમે તમારા મુકામ સુધી પહોચી જશો. ઘણા બધા વિઘ્નો આપણા જીવનમાં આવતા હોય છે અને કારણ વગરના આપણે ઉભા કરતા હોઈએ છીએ ઘણી વાર સત્સંગની અંદર સત્સંગમાં જવું હોય તો નથી જઈ શકતા જનકે અષ્ટાવક્રને કહ્યું કે તુ કેમ હસે છે તો અષ્ટાવક્રે જનકને બહુ સરસ કહ્યું કે - હે જનક તમે કેમ હસો છો. મારા શરીરને જોઈને હસો છો. તમે મારા શરીરને જોવો છો, ચામડીને જોઈને હસો છો મારી અંદર બેઠેલો છે તેને તમે જોતા નથી. જે અંદર બેઠેલો છે તે બધાની અંદર એક સરખો છે શરીરમાં ભેદ છે અંદરતો બધામાં એક જ સરખો છે.

## ■ પ.પૂ.સ્વામી ભુમાનંદસાગરજી મહારાજ

પરમ કૃપાળુ પરમાત્માની મહતી અનુકંપાથી આપણને ચોરાશી લાખ જન્મમાં સર્વ શ્રેષ્ઠ માનવ જન્મ મળ્યો છે અને આ સર્વ શ્રેષ્ઠ માનવ જીવનની અંદર આજે આપણા અહો ભાગ્ય છે કે આપણે આપણા ભગવત સ્વરૂપ સદ્ગુરુ પરમાત્માના ૧૩૭ મો નિર્વાણ જ્યંતિ મહોત્સવ ઉજવવા આપણે એકત્રીત થયા અને એ એકત્રીત થયા છીએ ત્યારે આ ભગવત સ્વરૂપ સંતવૃદનું આપણે દર્શન કરીએ છીએ. આપણા જન્મ જન્માંતરના પાપો દૂર થઈ ગયા છે. અને એ સત્સંગ આપણને જે શ્રવણ કરાવે છે ગુરુ ભક્તિ વિષે કે ગુરુ ભક્તિ છે એ સર્વ શ્રેષ્ઠ ભક્તિ છે. **કા મયા કાર્યા ગુરુ ભક્તિરેવ** આ માનવ જીવનની અંદર સદ્ગુરુ ભગવાનની ભક્તિ છે એ સર્વ શ્રેષ્ઠ ભક્તિ છે શા માટે? સર્વ શ્રેષ્ઠ ભક્તિ છે કે સર્વ શ્રેષ્ઠ પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન કરાવે છે. શ્રેષ્ઠ પરબ્રહ્મ પરમાત્માનું જે અખંડ સુખ સ્વરૂપ છે એ સુખ સ્વરૂપની અનુભુતિ કરાવે છે અને સાક્ષાત ભગવાન સદા શિવ પાર્વતીને કહે છે કે

**संसारापारपाथोधेः पारं गन्तु महेश्वरि।**
**श्रीगुरोश्चरणाम्भोजनौकैवै कावलम्बनम्।**
**सद्गुरो रुपमादाय जगत्यामहमेव हि।**
**उद्धराम्यखिलाज्जीवान्मृत्यु संसारसागरात्।**

કે સદ્ગુરુ પરમાત્માનું રૂપ. સ્વરૂપ ધારણ કરુ છું હું શા માટે કે-**उद्धराम्यखिलाज्जीवान्मृत्यु संसारसागरात्।** સ્વયમ ભગવાન સદાશિવ કહે છે હું જ ગુરુરૂપ થઈને અવતરણીય થઈને આ સંસારના અનેક જીવોનો ઉદ્ધાર કરૂ છું એટલે મારી અંદર ને ગુરુની અંદર કોઈ ભેદ નથી એવા ગુરુ જે સદાશિવ **यो गुरुः स शिवः** જે ગુરુ છે એજ શિવ છે ને જે શિવ છે એજ ગુરુ ભગવાનનું સ્વરૂપ છે તો આપણને સદ્ગુરુ પરમાત્મા છે એજ આ સંસાર સાગરથી પાર કરે છે. સદ્ગુરુ પરમાત્મા એ જે જ્ઞાન આપે એજ શ્રેષ્ઠ જ્ઞાન છે. એનાથી કોઈ શ્રેષ્ઠ જ્ઞાન નથી કારણ કે આત્મા પરમાત્મા ઐક્ય જ્ઞાન આપે છે કે આપણને સદ્ગુરુ ભગવાન આત્મા પરમાત્માનું એક્યજ્ઞાન આપે છે. **આત્માપરમાત્મા-નરૈક્યજ્ઞાનદેવ મોક્ષઃ** એ જ્ઞાનથી આપણને કૈવલ્યપદની પ્રાપ્તી થાય છે. તો સદ્ગુરુ ભગવાનની ભક્તિ છે તે આપણને ભવસાગરથી તારવાવાળી છે. જન્મ જન્માંતરના જે અનેક પ્રકારના પાપોનો વિનાશ કરીને સર્વ પ્રકારના તાપ જે આધિ ભૌતિક-આધ્યાત્મિક-આધિ દૈવીક બધાજ પાપોને દૂર કરે છે અને અખંડ નિજાનંદની એ અનુભુતિ કરાવે છે. એટલે એટલા માટે સદ્ગુરુ ભગવાનની ભક્તિ આપણે સર્વ કરીએ અને પોત પોતાના નિજાનંદની આપણે અનુભુતિ કરીએ અને મનની અંદર નિરંતર જે પોતાનો અખંડ આનંદ છે એને પ્રાપ્ત કરીને આપણું જીવન સફળ કરીએ. તો સદ્ગુરુ ભગવાનના પરમ પવિત્ર ચરણોમાં એજ પ્રાર્થના કે નિરંતર તન, મન, ધનથી અમે આપની સારી રીતે ભક્તિ કરીએ અને જે જ્ઞાન આપો છો એ જ્ઞાનનો અનુભવ કરીને નીરંતર જીવતા જીવન મુક્તિનો આનંદ લઈને આપણું જીવન

સફળ કરીએ એજ તેઓશ્રીના ચરણોમાં પ્રાર્થના.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## ■ પ.પૂ. બ્ર. શ્રી હરિશાનંદજી મહારાજ

પરમ પૂજ્ય બ્રહ્મલીન સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રી નો ૧૩૭ મો નિર્વાણ જ્યંતિ પ્રસંગે આપણે પુજ્ય સ્વામીજીના ગુણગાન કરીએ.

**કુલં પવિત્રં જનની કૃતાર્થા**
**વસુંધરા પુણ્યવતી ચ તેન**
**અપાર સંવિત્સુખ સાગરેસ્મિઁ**
**લ્લીનં પરે બ્રહ્મણિ યસ્ય ચેતઃ ।**

એવા પૂજ્ય સ્વામીજી હતા કે જેમણે જીવનમાં પોતાનો સન્યાસ સાર્થક કર્યો હતો અને જીવનમાં સન્યાસને સાર્થક કરીને અને આપણને દીશા બતાવી કે આપ પણ આ રીતે સંસારમાંથી મુક્ત થઈ શકો છો. મહારાજા ગોપીચંદ રાજા જ્યારે દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે તેની માતાએ ત્રણ શિક્ષા આપી હતી કે બેટા તું સન્યાસ લેવા જાય છે તો તુ હંમેશા કીલ્લાની અંદર નિવાસ કરજે. ગોપીચંદ કહે છે કે માં સન્યાસી મહાત્માને ક્યારેક કીલ્લો મળે તો ક્યારેક ઝાડ નિચે પણ સૂવુ પડે. ત્યારે માં કહે છે કે બેટા હું એ કીલ્લાની વાત નથી કરતી હું તને કહું છુ કે તું હંમેશા સત્સંગ રૂપી કીલ્લામાં રહી પોતાના હ્રદયમાં રહેલા કામ, ક્રોધ રૂપી શત્રુ તને ક્યારેય પરાજીત નહી કરી શકે. ગોપીચંદ રાજાને ઘણો જ આનંદ થયો. બીજી વાત મારે એ કહેવી છે કે તું હંમેશા સુખ શૈયા પર શૈયન કરજે સારી પથારી ઉપર સુજે. ત્યારે રાજા ગોપીચંદ કહે છે કે માં સંન્યાસી મહાત્માને ક્યારેક સારી પથારી મળે અને ક્યારેક ઝાડ નીચે પણ સુવું પડે. ત્યારે મા કહે છે કે બેટા હું એ પથારીની વાત નથી કરતી પરંતુ તને કહું છુ કે પરમાત્માની આરાધના કરતા કરતા જ્યારે તારૂ શરીર સાથ ન આપે હાથમાંથી માળા પડી જાય ત્યારે તું સુવા જજે અને એજ સુખ શૈયા છે. એજ શૈયન જે છે તને શાંતિ આપશે તારા શરીરને તાજુ કરશે. ત્રીજી વાત એ છે કે બેટા તું સન્યાસ લેવા જાય છે તો તુ હંમેશા અમૃત ભોજન કરજે ગોપીચંદ રાજા કહે છે કે માં અમૃત ભોજન સન્યાસી મહાત્માને ક્યારે મળે પણ ખરૂ ક્યારેક ન પણ મળે ત્યારે માં કહે છે કે બેટા એવા ભોજનની હું વાત નથી કરતી પણ તને કહુ છુ કે જ્યારે તને બરોબર ભુખ લાગે ત્યારે જ તું ભોજન કરજે અને એ ભોજન ગમે તેવું સુખુ, લુખુ વાસી ગમે તેવું હશે એ તારા માટે અમૃત સમાન થઈ જશે. આ ત્રણ વસ્તુ યાદ રાખીશ તો તારૂ સન્યાસજીવન સાર્થક થશે અને આવી જ રીતે પોતાનું સન્યાસ જીવન સાર્થક કર્યું હતું. અને આવી જ રીતે સ્વામી માધવાનંદજી મહારાજ શ્રી એ આપણને આદર્શ બતાવ્યો. કે તમારે જે છે ક્યાં સુધી તમે સંસારની અંદર ગોથા ખાધા કરશો. જ્યાં સુધી મૃત્યુના દ્વાર સુધી નહી પહોચો મોક્ષની પ્રાપ્તિ નહી કરો ત્યાં સુધી તમારે આ રીતે ભટકવું પડશે દુઃખી થવું પડશે માટે માનવ જીવનને સાર્થક કરવા માટે તમે આ ત્રણ આદર્શને જીવનમાં રાખી સૌ સન્યાસી હોય કે ગ્રહસ્થ હોય પણ આ ત્રણ ગુણને આદર્શમાં રાખી અને જીવન જીવશો તોજ આપણે સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રીને આપણે હ્રદય થી શ્રદ્ધાંજલી અર્પીત કરી કહેવાશે.

## ■ પ.પૂ. સ્વામી શ્રી મુરારી દાસજી

પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી આ ઓઝરાળા ગામે આપણે સૌ પરમ વંદનીય સંતોની સાક્ષીમાં ૧૩૭ મો આ નિર્વાણ જ્યંતિ મહોત્સવ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રી નો ઉજવી રહ્યા છીએ ત્યારે આરંભ અને અંતતો રહેવાના પણ શોભે તેવું મધ્ય બિંદુ હોવું જોઈએ એવા આ સભાના મધ્યબિંદુ પરમ શ્રધ્ધેય પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ તથા ઉપસ્થિત સંત વૃંદ

આપ સૌની મતી એટલી સુંદર બની શકે કે જેના થકી આ એક સુંદર કાર્ય આ ગામના આંગણે થઈ રહ્યું છે અને ૧૩૭ મો નિર્વાણ જ્યંતિ મહોત્સવ ઉજવાય રહ્યો છે ત્યારે પુજ્ય સ્વામીજીના શું ગુણગાન ગાઈએ.

આપણે સૌ સંતોના મુખથી આપણે ગુરૂ ભક્તિ ઉપર સત્સંગ શ્રવણ કરી રહ્યા છીએ ત્યારે એટલુ જ કહેવાનું કે સમગ્ર સંસાર રણતુલ્ય છે અને એ રણની અંદર જો ઉભા હોઈએ આપણે અને માથા ઉપર તાપ લાગે એમ આ સંસારમાં આપણે સતત કલેશોનો તાપ સહન કરી રહ્યા છીએ અને એજ રણની અંદર રેતીજ હોય છે. એને આપણે સૌ સતત ચિંતાઓથી ઘેરાયેલા રહ્યા હોયે છીએ જેમ રણમાં રેતી હોય એના પ્રમાણમાં આ આપણી ઉપર સતત ચિંતાઆનો વ્યાપ્ત છે. સર્વે સંસાર જે રણ તુલ્ય છે એની અંદર આપણને આ સંતોષરૂપી જળ કોણ પાશે. તો આવા વિશીષ્ટ સંતો, ત્યાગી સંતો, તપસ્વી સંતો તપસર્યા જેમનો શણગાર છે. તપસર્યાથી જેવો શોભી રહ્યા છે. એવા સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રી જેમનો ૧૩૭ મો નિર્વાણ જ્યંતિ મહોત્સવ ઉજવાય રહ્યો છે ત્યારે જેમ જેમ સમય બાર તરફ ગતી કરી રહ્યો છે. અને આપણને સૌને આ સંતો આટલા બધા સંતોના દર્શન અને સત્સંગનો જ્યારે લાભ મળી રહ્યો છે ત્યારે આપણા સૌના જીવનમાં ધન્યતા અનુભવિએ કારણ કે આપણે આ સાગર પરંપરાના ભક્તો છીએ અને મારે એટલું જ કહેવું છે કે આપણે જીવન બહુ સારૂ બનાવવું હોય તો સર્ચા કરવાની નથી પણ પાંચ વિષય ઉપર ચિંતન કરજો અને વાગોળજો નંબર એક (૧) તમારો સ્વભાવ સુંદર બનાવજો (૨) ચારિત્ર્યવાન બનજો (૩) વાણી સુંદર બનાવજો (૪) કર્મ ઉપર ચિંતન કરજો (૫) ભગવાને તમને જેમાં નિપુણ બનાવ્યા હોય તમારામાં જે શકિત હોય તેનો ઉપયોગ કરવો. કેમ કે જ્યાં સોય કામ લાગતી હોય ત્યાં તલવાર કામ નથી લાગતી તેથી તમારામાં જે શક્તિ હોય તેનો ઉપયોગ કરવો આ ઘરનું તમારૂ લેસન છે. (૧) જો તમારે તમારૂ ભાગ્ય બદલવું હોય તો આ પાંચ વિષય છે તેનાં ઉપર તમે ઘરે લેસન કરજો તમને તમારા ગુરૂજીએ જે શીખવાડ્યુ છે તેમાં તમે કેટલુ ભણ્યા છો તેના ઉપર ચિંતન કરજો (૨) તમે ચારિત્ર્યવાન બનજો (૩) તમારી વાણી સુંદર બનાવજો તમારી એટલી સરસ મધુર વાણી હોવી જોઈએ કે સંતો જેમ લોકોને પ્રિય છે એમ તમે પણ પ્રિય બનવા જોઈએ (૪) તમારૂ કર્મ આ તમારૂ કર્મ બહુ સીધુ તમારા ભાગ્યને જોડે છે એટલે તમારા કર્મ ઉપર ચિંતન કરજો કે મારે કેવું કરવું જોઈએ અને કયુ ન કરવું જોઈએ (૫) ભગવાને તમને જેમાં નિપુણ બનાવ્યા હોય, જ્યાં સોય કામ લાગે ત્યાં તલવાર કામ લાગતી નથી. તમને ભગવાને જેમાં નિપુણ બનાવ્યા હોય તમારી અંદર કઈ તમારી શક્તિ હોય તેને સતત જાગૃત કરીજો કારણ કે અહી ક્યારેક સચીન પણ વંદનિય બને છે ને ક્યારે સંત પણ વંદનીય બને છે તો ભગવાને તમને જેમા નિપુણ બનાવ્યા હોય એને જાગ્રત કરી અને ખૂબ પ્રબળ કરી તમારા જીવનને સમાજ ઉપયોગી બનાવજો આવો ૧૩૭ મો નિર્વાણ જ્યંતિ મહોત્સવ ઉજવાય રહ્યો છે ત્યારે પ.પૂ. સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રી ના અને પ. પૂ. સ્વામી શ્રી જગદીશાનંદજી મહારાજ શ્રી ના આપણા સૌ ઉપર આર્શીવાદ બની રહે એ જ અભ્યર્થના એજ જય મહારાજ જય સચ્ચિદાનંદ

### ■ પ.પૂ. સ્વામી શ્રી વિવેકાનંદજી મહારાજ
### જ્ઞાન સાધના-ચાણોદ

આજે આપણે વિશ્વના એક અદ્વૈતીય મહાપુરૂષને શ્રધ્ધાંજલી અર્પીત કરવા માટે એકત્રીત થયા છીએ શ્રધ્ધાંજલી એ આપણી શ્રધ્ધા છે એમના પ્રત્યે અને એ શ્રધ્ધાને આપણે વ્યક્ત કરવાની છે એ શ્રધ્ધાને વ્યક્ત કરવા માટે આપણે બધા અહી એકત્રીત થયા છીએ કારણ કે

**શ્રધ્ધાવાંલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિય : ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ॥**

(ગી-અ-૪-૩૭)

મનુષ્ય માત્રની અંદર શક્તિ તો છે જ પણ સુષુપ્ત અવસ્થામાં રહી છે અને એ સુષુપ્ત અવસ્થામાં રહેલી શક્તિને જાગૃત કરવાનું કામ આજથી કેટલાક વર્ષ પહેલા આપણા એવા વ્હાલા પરમ પૂજય આપણા બધાના ગુરૂદેવ હૃદય સમ્રાટ એવા એ શ્રી માધવાનંદજી

મહારાજ શ્રી એ એ કામ કર્યું અને પરંપરા આજ સુધી ચાલી રહી છે અને પરંપરાના અંતરંગત પરમ પૂજ્ય માધવપીઠાધીશ્વર શ્રી જગદીશાનંદજી મહારાજ પણ એજ કાર્ય કરી રહ્યા છે અને શક્તિ ને જાગૃત કરીને અહી આપણે બધા જ્ઞાનના ભાગીદાર બની અને આપણે આપણું કલ્યાણ કરી રહ્યા છીએ અને આજે ઉત્સવમાં જે જે આવે છે અને જે લોકો જોડાઈ રહ્યા છે એ પણ બધા કલ્યાણના ભાગીદાર બની રહ્યા છે આટલું કહી મારી વાણીને વિરામ આપુ છું.

### ■ પ.પૂ. સદ્‌ગુરુ શ્રીજી સ્વામી

પરમ પૂજ્ય સદ્‌ગુરુવર્ય સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ શ્રી નો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ જ્યારે ઉજવાય રહ્યો છે ત્યારે ગુરુ ભક્તિ અને ખરેખર હકીકતમાં ગુરૂના માધ્યમથી જ તરી શકાય છે. આ સંસાર સાગર ગુરુ વગર ગમે તેટલા હોશીયાર હોય છતાં પણ દીવાદાંડીની તેને જરૂર પડે છે દીવાદાંડીની જરૂર એટલે પડે છે કે સાગરની અંદર જ્યારે તોફાનો થાય છે ત્યારે તેને દીવાદાંડી જ કીનારો બતાવે છે. આજે મારે એટલુ જ કહેવું છે કે આ સભાના ઉપસ્થીત જે સર્વે છે. આ સાગર સાગર પરંપરાની અંદર જે સર્વે ઉપસ્થિત છે ત્યારે આપ સર્વના દીવાદાંડી એ સાગર પરંપરાના પૂજ્ય સ્વામી શ્રી જગદીશાનંદજી છે અને જે માધવાનંદજી મહારાજે એ જે રાહ બતાવ્યો એ રાહ ઉપર આજ જ્યારે આપ સૌ સહભાગી છો તે આપણા આ દીવાદાંડી રૂપ મહાસમર્થ મહામંડલેશ્વરો-ની તથા સંતશ્રીઓની પ્રાપ્તી થઈ છે. સંતકૃપા ગુરૂકૃપા ગુરૂને પગે લાગવું બહું સહેલું છે પણ ગુરુના પગલે પગલે અનુકરણ કરવું ચાલવું એ બહું અઘરુ છે. અને જો ગુરુના પગલે પગલે ચાલીને આગળ વધે છે એજ સાચો ગુરૂ ભક્ત છે અને આજ એ શ્રી માધવાનંદજી મને તો અતિ આનંદ થાય છે કારણ કે એની પ્રાગટ ભૂમિ કેવી ભૂમિ છે કે શાસ્ત્રમાં વર્ણન કર્યું કે જાલાવાડની ધરતી પર જે શૂરવીરતાની ધરતી છે જે આ શૂરવીરો પ્રગટ થાય છે અને એજ શૂરવીરતાની ધરતીમાં આ મહાપુરૂષનું પ્રાગટ્ય થયું.

એ આ પ્રદેશની અંદર જે મહાપુરૂષનું પ્રાગટ્ય થયું એ જાણી અતિ આનંદ થયો અને શૂરવીરતાની સંગાથે પોતાનો ત્યાગ પોતાનો વૈરાગ્ય એ રાખી અને જીવન દૈદીપ્યમાન બનાવી અને આપણા સર્વને માટે એક લક્ષનો માર્ગ ખુલ્લો મુકાવ્યો એવા જે માધવાનંદજી મહારાજશ્રીના ચરણોની અંદર શ્રધ્ધાસુમન અર્પણ કરતા છેલ્લે એટલું જ કહેવું કે જે કાર્યથી નથી મળતું તે કૃપાથી પ્રાપ્ત થાય છે. ત્યારે આવા સદ્‌ગુરુ તમને મળ્યા છે. એની અનહદ કૃપા તમારી ઉપર ઉતરી છે. અને વર્ષી છે. તો એજ કૃપાને જીલતા રહેજો, જીલતા રહેજો. એજ આ પરંપરાની અંદર શ્રીજગદીશાનંદજીની કૃપા એને જીલી અને જીવનને ધન્ય બનાવજો કારણ કે આ સંત કૃપા છે. સંતકૃપાથી આપણા બધાય કામ સરળ બની જાય છે. એવા સંતો જ્યારે પ્રાપ્ત થયા છે. એ સંતોના ચરણમાં વંદન કરી અને ફરીફરી પુજ્યશ્રીના ચરણમાં વંદન કરી મારી વાણીને વિરામ આપુ છું.

### ■ પ. પૂ. મહંત સ્વામી શ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ

પ્રિય સજ્જનો આજે પરમ પૂજનીય વંદનીય અર્ચનીય અનંત શ્રી વિભૂષિત સદ્‌ગુરુ માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવીએ છીએ અને દૂર દૂરથી આપણે બધા આવ્યા છીએ. ઓઝરાળા ગામને ધન્યવાદ છે. કોઈ કામમાં વિઘ્ન પણ આવે વરસાદ હતો, વાવાઝોડુ ઠંડી અને મંડપ રોપતા હતા આવું ને આવું બે દિવસ આવશે તો શું થાશે ?

પરમ પૂજ્ય બડા મહારાજ બિરાજમાન છે સમાધિમાં. વિઘ્નને ટાળી દીધું. તાબડ-તોબ આ મંડપ બંધાયો ગામના સેવક ભાઈઓની હિંમત એજ ગુરૂભક્તિ છે.

**ગુરુપદ પંકજ પૂજતા ચૌદે લોક પૂજાય**
**શિવ વિરંચીને શારદા ગુરુ તણા જશ ગાય.**

આજ સવારથી લઈ ખૂબજ ભાવ અને પ્રેમથી ગુરુ પાદુકાનું પૂજન કર્યું આપણે એમાય તે ચાણોદ થી

પધારેલ વાસુદેવભાઈ એ કહ્યું કે ગરમ કપડા પવિત્ર ધોતી પહેરીને જે ગુરુજીનું પૂજન કર્યું. જો પૂજનમાં બેસવું હોય ને તો પવિત્ર વસ્ત્ર પહેરીને બેસવું જોઈએ તો ગુરુભક્તિ વિશે આપણે જોઈએ તો એકવાર દ્રોણાચાર્ય બાણ અને તલવારની વિદ્યા શીખવે છે એમાં એકલવ્ય આવે છે તો ગુરુ માટે ભેદ ન હોવો જોઈએ કે નાનો હોય કે મોટો કોઈ પણ હોય સરખો ભાવ હોવો જોઈએ. સર્વત્ર પરમાત્મા વ્યાક છે. છતાં પણ દ્રોણાચાર્યે એકલવ્યનો ત્યાગ કરેલો. એકલ્યમાં એટલી ભક્તિ હતી કે મનની અંદર વિચાર કર્યો કે મારા ગુરૂ દ્રોણાચાર્ય જ છે. મને કાઢી મૂકે તો ભલે મારે તોય ભલે મને એટલો વિશ્વાસ છેકે મારે ગુરુભક્તિ કરવી જ છે. તેણે એક માટીનું પૂતળું બનાવ્યું અને માટીના પૂતળામાં ભાવના કરી ગુરુભાવના અને ગુરુ ભક્તિ કરી તો અર્જુન કરતા એકલવ્ય ચઢીયાતા થયા તો કહે છે કે

**એકલવ્ય ગુરુ સેવા કરતો, મૂર્તિ ગુરુજી ધ્યાનમાં લેતો**
**અંગુઠો દેતાં પણ ન ડરતો, ચિત્તમાં શ્રદ્ધા રાખીને.**

એ ભક્તિ છે ભાઈ અર્જુનજી વિચાર કરવા લાગ્યા કે મારી કરતા ચઢીયાતો થઈ ગયો ગુરુ મહારાજે દક્ષિણામાં શું માંગ્યું બોલો?

તો તન-મન-ધન સર્વસ્વ ગુરૂના ચરણોમાં અર્પી દીધું. *'તેરા તુજકો અર્પણ ક્યા લાગે મોરા'* તો ગુરુ એને કહેવાય છે કે ગુરુદ્વારા તમારા શરીરમાં રહેલો દેહાધ્યાસ છોડાવે ને તમારા સ્વસ્વરૂપનું જ્ઞાન કરાવે. તો ગુરુમહારાજની આજ્ઞા પાલન કરવી, મનન કરી નિદીધ્યાસન કરી, કિર્તન કરો એજ સદગુરુના ચરણોમાં વંદન કરી પ્રાર્થ કરીએ.

### ■ પ. પૂ. શ્રી નૌતમ સ્વામી

ભગવાન જ્યારે કૃપા કરે ત્યારે સંતોના હૃદયમાં રહી આવી દિવ્ય પ્રેરણા કરતા હોય છે. ભારતભૂમિમાં આપણને જન્મ મળ્યો આ દિવ્ય ભૂમિમાં ચાર મહાન તીર્થોની વચ્ચે રામેશ્વર, દ્વારકા, બદ્રીનારાયણ, જગન્નાથપુરીની વચ્ચે રહી આપણા જીવનને ભગવાનના સત્ માર્ગે વાળવાનું છે. એનું પૂણ્ય આવા મહાન સંતો દ્વારા થતું હોય એટલે જ આપણી ભારત ભૂમિ ધન્ય છે. એટલે દેવતાઓ પણ અહીં જન્મ લેવાનું વિચારે છે. પૂજ્ય સ્વામીજીનો આજે નિર્વાણ દિવસ છે. ભગવાનને પ્રાર્થના કરું છું કે સંતોના સંગે તમે સર્વ પ્રથમ અહીં ખૂબ સુંદર મજાની સમૂહમાં દિવ્ય પ્રાર્થના બોલ્યા હતા ઘણુ બધું એમાં માંગ્યું હતું. ભગવાન પોતે દિવ્ય પોતાના સંતમાં રહી આ પૃથ્વી પર વિચરણ કરી આપણને સદગુણો આપતા હોય. આ પરંપરામાં બાળક બની ભગવતાચાર્ય કરવો. ભગવાનના ચરણમાં રહી તેને ગમતા રહેવું અને ગમતામાં રહી વિષયોને છોડી ભગવાન પ્રેમી બની અને અન્યને એમા વાળવા આવી પ્રાર્થના મેં સાંભળી. આ બહુ ઊંચી ભાવના છે. આવા મહાપુરૂષોના કારણે જ આ મહાનભૂમિ ધન્ય છે. એમાંય આ ગામ જેના પર આ સંતો સમાયા છે આ ભૂમિની અંદર સભામાં બેઠેલો વર્ગ મોટા ભાગનો મને આધેડ વયનો દેખાય છે પરંતુ આવનારા જે દિવસો છે તે યુવા વર્ગને પણ આ પરંપરામાં વધારે આવશે. આવનારા દિવસોમાં યુવા વર્ગ પણ ભગવત ભક્તિમય બને એવા આયોજન થાય. નિર્વ્યસની બને, ભગત ચિંતનનાં માર્ગે આગળ વધીને ભગવાનને ભજીને પોતાના આત્માનું કલ્યાણ કરી શકે એવી દ્રઢતા આવે. યુવાન અને યુવતી તૈયાર થાવ આ સત્સંગમાં બેઠેલા સૌને પૂજય સદ્ગુરુ શ્રી માધવાનંદજી મહારાજના દિવ્ય આશીર્વાદ મળે. ફરી સૌ એક વખત ભગવાનને પ્રાર્થના કરું છું કે આપ સૌના જીવનમાં દિવ્ય પ્રસંગ દ્વારા આ સર્વ સેવકમાં અને પૂજ્ય સ્વામીજીના શિષ્યોમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આવે આ ચારેયની પ્રાપ્તી કરી ભગવત એકાન્તીક બની ભગવાનના માર્ગે આગળ વધવાનો એક ઉમંગ, ઉત્સાહ અને પ્રેરણા મળે એવી એમની દિવ્યા કૃપા આપણા પર વરસે.

### ■ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી વિશ્વાત્માનંદ પુરીજી મહારાજ

મહારાજશ્રીને આજ હી ૧૩૭ વર્ષ પૂર્વ નિર્વાણ ભાવ કો પ્રાપ્ત કરલીયા. ઈસિલીયે ઉનકા નિર્વાણ

મહોત્સવ આજકી તિથિ મેં મનાયા જાતા હૈ. નિર્વાણ શબ્દ મેં એક હૈ વાણ શબ્દ ઉસ વાણ શબ્દ કા અર્થ હોતા હૈ વા ગતિ ગન્ધયો એક ધાતુ સંસ્કૃત મે હૈ ઉસ સે યહ વાણ શબ્દ બનતા હૈ - **વાતિ દેહાધ્યાન્તરે ગચ્છતિ અને ન ઈતિ વાનમ્** - ઐસી વાણ શબ્દ કી વ્યુત્પત્તિ કરતે હૈ તો વાન શબ્દ કા અર્થ હોતા હૈ કી યહ જીવાત્મા અનાદિ સંસાર મેં એક શરીર કો છોડ કે દૂસરે શરીર મેં જાતા હૈ. જીસકે કારણ ઉસે વાણ કહા જાતા હૈ. આપ અપની ઈચ્છા સે પૂર્વ શરીર કો છોડ કે શરીરાન્તર કા ગ્રહણ નહી કરતે અપીતુ કોઈને કોઈ ઐસા બીચમેં નિમિત્ત હૈ જો પૂર્વ શરીર છૂટને કે બાદ જીવાત્મા કો દૂસરા શરીર પ્રાપ્ત કરતા હૈ. ઉસીકા નામ હૈ વાણ ઔર વહ વાણ કૌન હૈ કીસકે કારન એક શરીર છુટને કે બાદ દૂસરા શરીર મિલતા હૈ. જન્મ કે અનન્તર મૃત્યુ, મૃત્યુ કે અનન્તર જન્મ હોતા જાતા હૈ વો હૈ આપરકા જો વાસ્તવિક સ્વરૂપ હૈ અપને વેદ શાસ્ત્ર બતલાતા હૈ કી પ્રત્યેક કા સ્વરૂપ બ્રહ્મ હી હૈ તત્ત્વમસિ લેકીન ઉસ સ્વરૂપકા અજ્ઞાન હૈ ઔર ઉસી અજ્ઞાનતા કે કારણ જો ભી કર્મ કા ફલ ભોગને કે લીયે પ્રાપ્ત હોતા હૈ, કાર્ય કરણ સંઘાત ઉસ મેં આત્માભિમાન હૈ ઈન દોનોંકા નામ હૈ અવિદ્યા ઔર ઈસી અવિદ્યા કે કારણ ફરી સંસાર કે ઈસ લોક કે ઔર પરલોક કે ભોગકી ઈચ્છા હોતી હૈ, ઉસે કહા જાતા હૈ કામ ઔર ઉન પદાર્થો કે પ્રાપ્ત કરને કે લીયે શાસ્ત્ર સમ્મત યા શાસ્ત્ર નિષિધ્ધ કર્મ મેં વહ કામના પ્રેરિત કરતી હૈ તો કામના સે પ્રેરિત હુયે કર્મ ઈન તીનો કો વાન શબ્દ સે કહા જાતા હૈ અવિદ્યા કામ કર્મ યે જબતક રહેંગે તબતક જન્મ મૃત્યુ હોતા હી રહેગા ઈસે કોઈ રોક નહીં સકતા ઔર ઈન તીનોંકી એક સાથ નિવૃત્તિ માત્ર એક હી સાધન સે હોતી હૈ વહ હૈ ગુરુ કૃપા સે હોનેવાલા બ્રહ્માત્મ એકત્વ સાક્ષાત્કાર. અહં બ્રહ્માસ્મિ ઈત્યાકારક અનુભવ જૈસે હી વહ હોગા તો વેદ બતાતા હૈ -

**ભિદ્યતે હૃદયગ્રન્થિશ્છિદ્યન્તે સર્વસંશયાઃ।**
**ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્દૃષ્ટે પરાવરે॥**

ઉસ પરમાત્મા કા આત્મ રૂપ સે સાક્ષાત્કાર હોતે હી વાનશબ્દિત યહ સભી સે સભી નિવૃત્ત હો જાતે હૈ એ સબ જીસકે પાસ સે નિવૃત્ત હો ગયે યાતો યે કહીયે કે જીસ મેં યે હૈ નહી યહ ઈન તીનોં કો અભાવ જહાઁ પર હૈ ઈન તીનો કા અભાવ હૈ બ્રહ્મ મેં ઔર **''બ્રહ્મ વેદ બ્રહ્મૈવ ભવતિ''** કે અનુસાર જીસ સમય આપકો બ્રહ્મ બોધ હોતા હૈ ગુરુકી કૃપા સે ઉસી સમય બ્રહ્મ સ્વરૂપ યહ જીવાત્મા હો જાતી હૈ ઔર બ્રહ્મ હૈ નિર્વાણ ઈસલીયે ભગવાનને ગીતા મેં દ્વિતીય અધ્યાય કે અંતિમ શ્લોક મેં -

**એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ।**
**સ્થિત્વાસ્યામન્તકાલેપિ બ્રહ્મનિર્વાણમૃચ્છતિ॥**

એ નિર્વાણ શબ્દ બ્રહ્મ કા વિશેષણ હૈ નિર્વાણ બ્રહ્મ હૈ નિરુપાધિક બ્રહ્મ જબ જીવકો ઈસ સંસાર સે છુડાને કે લીયે વહી નિરુપાધિક બ્રહ્મ અપની ઈચ્છા સે અનુગ્રહ શક્તિ કે આધાર પર શરીર ધારણ કરતે આતા હૈ. વહ પ્રગટ બ્રહ્મ કહલાતા હૈ ઐસે પ્રગટ બ્રહ્મ પ્રાતઃસ્મરણીય માધાવાનંદજી મહારાજ ૧૩૭ સાલ સે પહલે કઈ વર્ષ તક અપને ઉસ અનુગ્રહ શક્તિ સે પ્રાપ્ત લોકોપકારક શરીર સે અનેક અનેક જીજ્ઞાસુઓ કો કલ્યાણ કરતે રહે ઔર ફીર વહ જીસ અનુગ્રહ શક્તિ સે યહ સરીર પ્રાપ્ત કર લીયા થા લોકોપકારક ઉન્હોને વહ આજ છોડ કર કે ફીર નિર્વાણ ભાવ કો પ્રાપ્ત કર લીયે. જૈસે નદીયા સમુદ્ર મેં મિલતી હૈ સમુદ્ર મેં મિલને સે પહલે અપને નામ રૂપ પરિત્યાગ કરતી હૈ ઔર સમુદ્ર બનકર રહતી હૈ, વેદ બતાતા હૈ

**યથા નદ્યઃ સ્યન્દમાનાઃ સમુદ્રે**
**સ્તં ગચ્છન્તિ નામ રૂપે વિહાય।**
**તથા વિદ્વાન્ નામરુપાદ વિમુક્તઃ**
**પરાત્પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ॥**

વહ મહાપુરૂષ ભી બ્રહ્મજ્ઞાની અપની નામ રૂપાત્મક બાધિત અવસ્થા મેં એ ઉપાધીયા હોતી હૈ વહ ઉપાધીકા પરિત્યાગ કરકે નિર્વાણ બ્રહ્મભાવકો પ્રાપ્ત કરતે હૈ યહ નિર્માણ બ્રહ્મ ભાવ કો પ્રાપ્ત કરના હી

માનવ જીવનકા લક્ષ્ય હૈ ઔર ઉસે પ્રાપ્ત કરને કા એક હી ઉપાય હૈ બ્રહ્મજ્ઞાન વહ પ્રાપ્ત હોતા હૈ ગુરુભક્તિ સે ઈસીલીયે કહા ગયા હૈ કે -

**યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ।**
**તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ॥**

કે અનુસાર વહ પરા ભક્તિ ઈશ્વર તથા ગુરુ ચરણો મેં આપકે હૃદય મેં પ્રગટ હો ઔર ઉસભક્તિ કા ફલ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત હો ઔર કિસકે લીયે ઈસ પરંપરા કે સંવાહક હમારે વર્તમાન પીઠાધીશ્વર લંબે સમયતક ઔર સ્વચ્છ આયુ રહતે હુયે આપકો આપકે અજ્ઞાન અંધકારકા નિવર્તક બ્રહ્મજ્ઞાન કરાતે રહે ઉસી શુભ કામના કે સાથ -

હરિઃ ૐ તત્સત્ હરિઃ ૐ તત્સત્ હરિઃ ૐ તત્સત્.

■ **પૂ. પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી પૂણ્યાનંદ ગિરિજી મહારાજ**

કલ શ્યામકો આપ લોગો કો બતાયા થા -

**યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।**

અભિ સ્વામીજી મહારાજ ભી એકીકહ રહે થે દેવે પરાભક્તિ એ જો પરા શબ્દ કા અર્થ શાસ્ત્રો મેં નિષ્કામ હી કહા ગયા ભક્તિ કે સામને આને પર વૈસે પર શબ્દ ઉત્કૃષ્ટ વાચક હોતા હૈ પર માને જો વસ્તુ જીવ ગુણ ધર્મ વાલા હૈ ઉસી મેં ઉત્કૃષ્ટતાકા બોધક પર શબ્દ હૈ. જૈસે બોલ તે હૈ ને પરમ બુદ્ધિમાન અને બુદ્ધિમાનો મેં ઔર જ્યાદા ઉત્કૃષ્ટતા હૈ ઔર એ શબ્દ પ્રયોગ કરને મે મનાઈ નહી હૈ. પરમ મૂર્ખ ભી બોલ સકતે હો. તમે સમજી ગયા મૂર્ખ શબ્દમાં પણ પર શબ્દ જોડીએ તો મૂર્ખત્વમા ઉત્કૃષ્ટતા આવી જાવે. બુદ્ધિની સાથે પરમ શબ્દ જોડીએ તો બુદ્ધિમાં ઉત્કૃષ્ટતા આવી જાવે. એ પર શબ્દ ઐસા જહાઁ જાયેગા ઉસીકો શ્રેષ્ઠ બનાયેગા. જૈસા હૈ ઉસીમેં શ્રેષ્ઠ બન જાયેગા, ભક્તિ કે સાથ રા શબ્દ આયા તો યહ પર ઉત્કૃષ્ટ હૈ લેકીન આચાર્ય લોગ ઈસકા અર્થ કરતે હૈ લેકીન ભક્તિ મેં ઉત્કૃષ્ટતા કૈસે આતી હૈ, તો બોલો વો નિષ્કામતાસે આતી હૈ, ભક્તિ હોના ચાહિયે નિષ્કામ તો પરમાત્મા કે પ્રતિ ઉત્કૃષ્ટ નિષ્કામ ભક્તિ જીસકે હૃદય કે અંદર હૈ તો સભી લોગ કહેંગે કે હમારી અંદર હે તો હમારી અંદર હૈ લેકીન ઉસકા પરિણામ નિશ્ચિત હૈ કી યહી પરા ભક્તિ આપકે અંદર હૈ તો યાદ રખના પરા ભક્તિ કે બાદ કા પરિણામ હૈ જ્ઞાન સ્વરૂપ જ્ઞાન ઔર એ જ્ઞાન હૈ કા મતલબ હૈ અભિ સ્વામીજીને બતલાયા નિર્વાણ કી પ્રાપ્તિ. મોક્ષકી પ્રાપ્તિ નિર્વાણ માને મોક્ષ ઔર કઈ જગા શાસ્ત્રો મેં બતાયા નિર્વાણ કો આપ વર્ગ શબ્દ સે ભી બોલતે હૈ. અપવર્ગ સબકે વર્ગ હોતા હૈ ને અલગ અલગ વર્ગ માને સમુદાય જૈસે વર્ણમાલા પઢા લે તો ઉસમે ક, ખ, ગ, ઘ, ઙ યે પાંચ હો ગયા ને એ ક વર્ગ હૈ. ઈસી પ્રકાર ચ, છ, જ, ઝ, ટ, ઠ કર કે આગે જાવોગે તો ક્યા મિલેગે પ. પ કે ભી અપના સમુદાય હૈ વર્ગ હૈ. કીતને હૈ બતાઓ પ, ફ, બ, ભ, મ તો પ કે અંદર આતા હૈ પાપભી ઔર પુણ્યભી દોનો હી આતા હૈ પુણ્ય ભી ફલ પ્રદાન કરકે આપકો બંધન મેં ડાલતા હૈ ઔર પાપ ભી દુઃખદ પ્રદાન કરકે બંધન મેં ડાલતા હૈ ઔર પાપ પુણ્ય કે બાદ દૂસરા નંબર આતે હૈ. ફ એ પ સે જુડા હુઆ હૈ યે ક્યા હૈ બોલે પાપ કા પુણ્ય કા ફલ હૈ યે ફલ ભી જીવાત્મા કો જબતક જીવાત્મા કો ભોગ પ્રદાન નહી કરેગા તબતક નિવૃત્ત નહીં હોતા. ઈસલિયે જબતક ફલ કા ભોગ ન હો તબતક યે જીવાત્મા કી મુક્તિ નહી હોગી ફ મા ને ફલ હો ગયા ઔર ઈસકે બાદ કા વર્ણન આયા પ, ફ, બ આયા પાપ પુણ્ય કર્મ ઔર ઉનકા ફલકે સાથ જીવાત્માકા જો અટુટ સંબંધ બન ગયા ઈસી કા નામ હૈ બંધન. યેહી સંસાર બંધન હૈ ઔર બ કે બાદ ક્યા તો બોલે ભ. ભ માને ભોગ બંધન મેં સુખ ભોગ ભી આતા હૈ બંધન મેં દુઃખ ભોગ ભી આતા હૈ ઈસલિયે વિવાહ કે બાદ બંધન પતિ પત્ની કા ઈસમે સુખ ભી હૈ દુઃખ ભી હૈ જગડા જુગડી થાય તો દુઃખ હુયે ને સુખ પણ થાય દુઃખ પણ થાય. ગુજરાતી મેં લોગ કહતે હૈ - ''પ્રત્યેક ના ઘરમાં એક તપેલો હોય ઔર એક તપેલી હોય વે તપેલો પણ થઈ શકે વે તપેલી પણ થઈ શકે તો તપેલી ઔર તપેલો દોનો યદી આપસ મેં તકરાને લગજાયે તો ઉસમેં દુઃખાનુભૂતિ હોગી ઔર યદી શાંતિ

સે રહો તો યહી સુખાનુભૂતિ હોગી ચાહે સુખ હો ચાહે દુઃખ હો યે દોનો હી બંધન હૈ પાપ પુણ્ય કા ફલ યે જન્મ ઔર ઈસ જન્મ કે અંદર પરસ્પર સંબંધ એ બંધન ઔર બંધન કે બાદ જો સુખ દુઃખ કી અનુભૂતિ આપ વિષયા નુકૂલ કરતે હો યે ભોગ હો ગયા પ, ફ, બ, ભ ઔર ઈસકે બાદ જબ છુટને લગ જાયે તો ભી મનુષ્ય કે મનકે અંદર સે આસક્તિ ન છુટતી શરીર તો છુટ હી જાય. પણ આસક્તિ નથી જાતિ. જાતિ હૈ હિન્દી મેં આ સક્તિ. આ સક્તિ સમજ મેં આયા બોલો આ સક્તિ બોલો હિન્દી મેં બોલા આ સક્તિ હૈ જા ન સક્તિ. યહ આ સક્તિ ઈસિકો મમત્વ બોલતે હૈ. મમત્વ મેં તો મરજાઉગા મેરે બચ્ચોકા ક્યા હોગા ઘરકા ક્યા હોગા ઉસકા ક્યા હોગા ઉસકા ક્યા હોગા ઈસકો આસક્તિ બોલતે હૈ. ઓ મમત્વ તો એ મમત્વ ભી બંધનકા હી હેતુ હૈ. ઈસલિયે પ વર્ગ મેં ઈતના આયા પાપ પુણ્ય કા ફલ સાથ કીસકે સાથ યે જો બંધન જો ભોગ કા ઈસ કે બાદ આયા ભોગ ફીર મમત્વ ઈસકે ચલતે નિરંતર યે જો ચલનેવાલા સંસાર બંધન હૈ ઈસિકો જીવ કે એક ગતિ અજ્ઞાત્મક સ્વામી મહારાજ ને કહાઁ તે અવિદ્યા કામ કર્મ કે દ્વારા યે ચલતા હૈ ઔર ઈસકી નિવૃત્તિ જીસ મે સે હો ગઈ વો અપવર્ગ ક્યા હૈ તો બોલે મોક્ષ હૈ. વો મોક્ષ પરમાત્માકા સ્વરૂપ હૈ. ઈસલિયે જહાઁ ઈશ્વર કો પરમાત્મા કો સ્તુતિ કરતે હૈ. અપવર્ગ સ્વરૂપ હૈ ઐસા બોલતે હે જો ઈસ સંસાર કે બંધન કે છુટકરકે પરમાત્મા મેં લીન હો ગયે ઉનીકો હું બ્રહ્મલીન બોલતે હૈ. બ્રહ્મલીન કા મતલબ હૈ પરમાત્મા બન ગયે ઔર ઉન્હી પરમાત્મા ને આપ સબકે હૃદય કે અંદર અપને પ્રતિ માને અપવર્ગ મોક્ષસ્વરૂપ જો બ્રહ્મલીન માધવાનંદજી મહારાજ હૈ ઉનકે પ્રતિ આપકે મનમેં એક અનુરાગ ઉત્પન્ન કર દીયા. અનુરાગ બંધનકા હેતુ હૈ લેકીન યેહી અનુરાગ ઈશ્વર મેં ઔર ગુરુ કે પ્રતિ આપકી હોને લગ જાયે તો યે અન્ય સારે બંધન કો મીટાનેવાલા હોતા હૈ. ઉસી મોક્ષ સ્વરૂપ માધવાનંદજી મહારાજને આપકે હૃદય કે અંદર ઉનકે પ્રતિ એક અનુરાગ કે જ્યોતિ જલા કરકે. અપની ઔર આકર્ષિત કીયા કા મતલબ હૈ આપકો ભી અપવર્ગમાં સ્થિત હોકર કે આપ લોગોકો ભી અંતમેં મોક્ષ કી ઔર હી ખીચકર લે જા રહે હૈ. ઈસલિયે ઈતને સારે સમુદાય કે પરમકલ્યાણ મોક્ષ સ્વરૂપમેં લે જાને કી સબ પ્રેરણા હૃદય કે અંદર ઉદ્ભૂત સ્ફંદીત કરનેવાલે ઉન બ્રહ્મલીન માધવાનંદજી મહારાજ કે પ્રતિ ઈન્હી થોડે બહુત શબ્દ સે શ્રદ્ધાંજલિ અર્પિત કરકે હમારે સ્વામી જગદીશાનંદજી મહારાજ જો ઈસ પરંપરા કો બડે યોગ્યતાસે, બહોત અચ્છી તરહ સે વહન કરકે ભક્તિ કા ઉત્કૃષ્ટ રૂપ સામને લા રહે હૈં. ઈસીલિયે યે ભી ભવિષ્ય મેં આપ લોગો કે આનેવાલે પેઢી કે લિયે બડે અચ્છે આદર્શ રૂપ મેં ઈસી ઢંગ સે સબકો અપવર્ગ દેનેવાલે બને ઈસિ શુભકામના કે સાથ.

હરિઃ ૐ તત્સત્ હરિઃ ૐ તત્સત્ હરિઃ ૐ તત્સત્.

### ■ પ.પૂ. મહામંડલેશ્વર શ્રી માધવપીઠાધીશ્વર સ્વામીજી મહારાજ

પરંબ્રહ્મ પરમાત્માની મહતી અનુકમ્પાથી આજે બ્રહ્મલીન સ્વામીજી મહારાજશ્રીને શ્રદ્ધાંજલી નિમિત્તે પોતાના હૃદયની જે ભાવના છે એ ભાવનાને લઈને આપણે એકત્રીત થયા છીએ, તો મહાપુરૂષોએ આપણને બહુકહ્યુ પોત પોતાના હૃદયની જે ભાવના છે. પોતાના જીવનની અંદર પોતાનું જીવન કઈ રીતે પવિત્ર, નિર્મળ અને ઉચ્ચ બને એના માટે મહાપુરૂષોએ પોતાની અમૃતમય વાણીની અંદર આપણને જે બોધ આપ્યો. શ્રધ્ધાંજલી પ્રગટ કરી જે ગુરુ ભક્તિ તો ગુરુ ભક્તિ ને માટે શાસ્ત્રોમાં બહુત મહીમા બતાવી છે. કેમકે ગુરુ ભક્તિ વગર જ્ઞાન થઈ શકતું નથી. અને ગુરુએ જ્ઞાન આપે છે. પણ આપણી અંદર ઉતરતું નથી. એનુ કારણ પહેલા તો એ માધવાનંદ સ્વામી મહારાજ મુખ્ય એ ગામડાની અંદર ફરીને વહેમ અને વ્યસનોથી મુક્ત કરતા પરમાત્મા બધાના હૃદયની અંદર છે. પરંતુ જ્યાં સુધી વહેમ અને વ્યસનોથી જીવ પરે ન બને ત્યાં સુધી પોતાના હૃદયમાં વહેલા પરમાત્માના સાક્ષાત્કાર થઈ શકતો નથી. કેમકે જે વહેમ આપણા મનની અંદર છે. કયો વહેમ કે પરમાત્મા થોડા હૃદય હોય, ભગવાન

ક્યાં હશે? હશેને? આમ ઉપર ધામમાં પણ શાસ્ત્રકારો મહાપુરૂષો વેદો કહે છે કે તમારા હૃદયમાં છે. શ્રીમદ્ભગવત ગીતાની અંદર આનંદ સ્કંદ ભગવાન શ્રીકૃષ્ણે વારંવાર બતાવ્યું છે. હે અર્જુન વિભૂતિ યોગમાં બતાવતા કહ્યું -

**અહમાત્મા ગુડાકેશ સર્વભૂતાશયસ્થિતઃ।**

હે અર્જુન બધાના હૃદયની અંદર હું આત્મા રૂપે રહેલો છું. ૧૫માં અધ્યાયની અંદર ભગવાને કહ્યું -

**અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ।**
**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્॥**

હું બધાના હૃદયની અંદર વૈશ્વાનર નામના અગ્નિરૂપથી રહીને ચાર પ્રકારનું ભોજન પચાવું છું. નિચેના શ્લોકમાં ફરી પુનઃ ભગવાને કહ્યું -

**સર્વસ્વ ચાહં હદિ સન્નિવિષ્ટો**
**મતઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ ।**

હું બધાના હૃદયની અંદર રહેલો છું. વળી ભગવાને અઢારમાં અધ્યાયમાં પણ કહ્યું છે -

**ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેર્જુન તિષ્ઠતિ।**
**ભ્રામયન્સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ॥**

હે અર્જુન હું બધાના હૃદયમાં રહી યંત્રની સમાન બધાને ચલાવું છું. જેમ ગાડીની અંદર મશીન હોય અને તે બગડી જાય એટલે બંધ થઈ જાય પછી ગાડીને દોડાવો તો દોડે?.... એમ ભગવાન યંત્રની સમાન બંધ થઈ જાય તો શું થઈ જાય. નીકળી જાય તો શું થઈ જાય અને ભગવાને તો ત્યાં સુધી અર્જુનને કહ્યું છે ૬ અધ્યાયની અંદર

**યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ।**
**યસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥**

સાતમા અધ્યાયની અંદર કહ્યું-

**વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ॥**

આખુ જગત પરમાત્મા રૂપ છે. તો પછી પોતાના હૃદયમાં હોય કે ન હોય પણ જે વહેમ છે નહીં પરમાત્મા હૃદય મા ન હોય જો પરમાત્મા હૃદય માં હોય તો વ્યસન છુટી જાય શું છુટી જાય? બોલો હૃદયમાં ભગવાન છે એને બીડી પીવડાવાય? નો પીવડાવાય. પીવડાવાય? દરરોજ અગરબત્તી કરો એ અગરબત્તી કરાય? કાં...તો આ વહેમ અને વ્યસન પૂજ્ય બ્રહ્મલીન સ્વામીજી મહારાજે કહ્યું જ છે ને -

**વહેમ અને વ્યસનોને છોડી દુરીજનોની પ્રીતિતોડી**
**સંતપુરૂષનો સંગ કરીને જ્ઞાન ગંગામાં ન્હાતો જા,**
**આવ્યો છે તું આ સંસારે જન્મ સફળ તું કરતો જો.**
**જન્મ સફળ તું કરતો જા**

તો પોતાનું જીવન સફળ ક્યારે બને કેમકે યોગવાસિષ્ઠ મહારામાયણની અંદર વશિષ્ઠ મુનિએ ભગવાન રામચંદ્રજીને બતાવ્યું છે. જે કાલના પ્રસંગની અંદર આપણે શ્રવણ કર્યું કે ભગવાન શંકરાચાર્યજીએ વિવેક ચૂડામણીમાં ત્રણ વસ્તુ દુર્લભ બતાવી કે -

**દુર્લભં ત્રયમેવૈતદ્ દેવાનુગ્રહ હેતુકમ્ ।**
**મનુષ્યત્વં મુમુક્ષુત્વં મહાપુરુષ સંશ્રયઃ ॥**

જે મહાપુરૂષોએ આપણને બતાવ્યું એમા વસિષ્ઠજી મુનિ ભગવાન રામચંદ્રજીને કહે છે કે-

**સંત્યજેત્ પશુભીઃતુલ્યં સંશ્રયેત્સત્પુરૂષો શ્રિતમ્।**

પશુ જેવું આચરણ છોડો અને મહાપુરૂષો જેવું આચરણ જીવનમાં ઉતારો તો આપણા જીવનની અંદર પશુ જેવું આચરણ ધીરેધીરે છુટતું જાય અને મહાપુરૂષો જેવું આચરણ જીવનમાં ઉતરતું જાય કહેવાય છે- તો એ ગુરુનું જ્ઞાન ઉતરી શકે.

**સદ્ગુરુ શરણ વિના અજ્ઞાન તીમીર ટળશે નહી રે**
**જન્મ મરણ દેનારુ બીજ ખરુ બળશેનહી રે**
**સદ્ગુરુ શરણ વિના....**

કે સદ્ગુરુ નું જ્ઞાન હૃદયમાં ઉતરી ક્યારે શકે તો વ્હેમ અને વ્યસનોને છોડી અને પોતાનું જીવન નિર્મળ બને પવિત્ર બને ઉચ્ચ બને ત્યારે એ જીવનની અંદર લાભ પ્રાપ્ત થઈ શકે છે અને પોતાનું જીવન ભલે દુર્લભ છે. મળ્યું છે, પણ એને કેમ જીવવું એ જીવવા ની કળા કેમકે આવા મહાપુરૂષોના સાનિધ્યમાં -

**જીવન જીવતા શીખાય સંતોના સંગમાં,**
**એક ઘડી ધન્ય બનીજાય સંતોના સંગમાં.**

જે માધવાનંદ સ્વામીજી મહારાજની નિર્વાણ જયંતિ ઉપલક્ષની અંદર આવા મહાપુરૂષો હર વર્ષે આપણે ઉજવીએ છીએ. શા માટે કે આવા મહાપુરૂષો ના આપણે દર્શન થાય એમનું એ સાનિધ્ય મળે, એમની સેવા મળે, એમના વચનામૃતને જીવનમાં ઉતારવા માટે યોગ્યતા પ્રાપ્ત કરીએ તો જાજુ ન કહેતા માધવાનંદ સ્વામીજી મહારાજશ્રીના ચરણોની અંદર આપણને તન-મન-ધનથી સેવા કરવાની શક્તિ મળે અને સાથે સાથે સંતોનું જ્ઞાન, ગુરુનું જ્ઞાન, હૃદયની અંદર ઉતરે એવી પરમાત્માની પાસે પ્રાર્થના કરીએ જે મહાપુરૂષોએ પોતાનો કિંમતી સમય છોડી પોતાના જે આશ્રમોનો વ્યવહાર છે. એના વિના એક મિનિટ પણ રહી ન શકે છતાં પણ એમના આશ્રમોને છોડી માધવાનંદ સ્વામીજી મહારાજ ને શ્રધ્ધાંજલી અર્પણ કરવા માટે આવ્યા છે. સર્વ મહાપુરૂષોના ચરણોમાં નમસ્કાર એમણે આપણને આવી દર્શન દીધા અને અમૃત વાણીનો લાભ આપ્યો. તેમન આપણે ઋણી છીએ. પરમાત્મા સર્વને સુખ સમ્પતિવાળા બનાવે જે ગામ લોકો એ અથાક મહેનત કરીને તન-મન અને ધનથી જે આ સેવા કરી છે. એ સર્વને માધવાનંદ સ્વામીજી મહારાજશ્રીની કૃપા ઉતરે અને છેવટે આત્મજ્ઞાનના ભાગીદાર થાય એવી પરમાત્માના ચરણોમાં પ્રાર્થના.

**સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયઃ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ માકશ્ચિદ્દુઃખભાગ્ભવેત્ ॥**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

## નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ વિશે માહિતી

**પોપટભાઈ એસ. કુકડીયા**
**ચમારડી**

શ્રી માધવાનંદ આશ્રમ ચાણોદ મુકામે સ્વામીશ્રી અખંડાનંદ સાગર ઔષધાલય દ્વારા પ.પૂ. શ્રી ૧૦૦૮, મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તેમજ શ્રીમાધવાનંદ આશ્રમના ટ્રસ્ટીઓશ્રી સ્વામી શ્રી ભૂમાનંદ સાગરજી મહારાજ, શ્રી રાવજીભાઈ આર. પટેલ, શ્રી હેમેન્દ્રભાઈ આર. પટેલ, શ્રી હિંમતભાઈ માંગુકીયા (દડવા), શ્રી વિનુભાઈ ભરોડિયા (પાલડી) વિગેરેની હાજરીમાં તા.૧૭-૧૨-૨૦૧૭ના રોજ આજુબાજુના ગામોના જરૂરિયાતમંદ લોકો માટે આશ્રમ ખાતે આંખ અને દાંતના રોગોની મફત તપાસ, સારવાર તથા જરૂરિયાતમંદને સાધન સહાય માટેનો કેમ્પ રાખ્યો હતો. જેમાં નેત્ર ચિકિત્સા આધુનિક કોમ્પ્યુટર દ્વારા કરવામાં હતી. કેમ્પમાં આંખના ૨૪૦ દર્દીઓ, દાંતના ૪૦ દર્દીઓની તપાસ થઈ હતી. જેમાંથી મોતિયાના ૩૬ ઓપરેશનો કરવામાં આવ્યા હતા એ ૧૪૦ દર્દીઓ ને મફત ચશ્માનું વિતરણ કરાયું હતું. આ કેમ્પમાં દાંતના ડૉ. શ્રી સમર્થ પટેલ-વડોદરા, શ્રી મધુસુદન ઉપાધ્યાય - નડિયાદ અને આંખના ડૉ. રજનીભાઈ તેમજ અનીશભાઈએ શંકરા આઈ હોસ્પિટલ, મોગર આણંદ તરફથી સેવા આપી હતી.

આ કેમ્પનો આર્થિક સહયોગ સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ-ઓઝરાળા તરફથી પ્રાપ્ત થયેલ. શિબિરમાં આવનાર તમામ માટે આશ્રમ તરફથી ચા-પાણી-ભોજનની વ્યવસ્થા કરાઈ હતી.

આ આખા શિબિરનું સંચાલન, વ્યવસ્થા આશ્રમના સ્વયં સેવકશ્રી પોપટલાલ કુકડીયા (ચમારડી), શ્રી મહેન્દ્રભાઈ એમ. શર્મા (ઓઝરાળા), શ્રી ચંદ્રકાંત બી. પટેલ, લવજીભાઈ બાદશાહ (દડવા), શ્રી રતિલાલ ચમારડી અને શ્રી ધરમશીભાઈ (મોણપર) તેમજ શ્રી વલ્લભભાઈ વાલાણી (ચમારડી), શ્રી વલ્લભાઈ લાખાવાળા (ચોગઠ) તરફથી સેવા પાર પાડી હતી.

# પાનથેરાપી

આપણે ત્યાં ઋષિ-મુનિઓ આદિકાળથી વનસ્પતિની પૂજા કરતા આવ્યા છે. તેની પાછળ વૈજ્ઞાનિક અભિગમ છે. મોટાભાગની વનસ્પતિઓ કોઈ ને કોઈ ઔષધિય ગુણો ધરાવતી હોય છે. આ વનસ્પતિઓ જો ઘરઆંગણે હોય તો બીમારી વખતે દોડધામ ન કરવી પડે. તેનો ઉછેર સરળ છે અને આંગણામાં બહુ જગ્યા પણ રોકતી નથી.

❖ **લીમડો :** લીમડો સ્વાદમાં ભલે કડવો હોય, પરંતુ તે અમૃતમય જીવન આપનારું વૃક્ષ છે. તેની છાલ, પર્ણ, ફૂલ, ડાળી અને મૂળિયાં શરીર માટે અમૃત સમાન છે. તેના મૂળિયાની વાત કરીએ તો મૂળીયાંનો ગર ઉકાળીને પીવાથી શરીરના કફ-પિત્ત અને વાયુ પ્રકૃતિમાં સંતુલન આવે છે. પેટમાં અનાવશ્યક કૃમિનો નાશ થાય છે. લોહી શુદ્ધિ માટે આવશ્યક દ્રવ્યો નિર્મિત થાય છે, જેથી હિમોગ્લોબિનનું સંતુલન જળવાઈ રહે છે. લીમડાની છાલ બાળીને કે વાટીને શરીર પર લેપ કરવાથી ખસ દાદર વગેરે મટે છે. તેનું દાતણ કરવાથી મુખના રોગો મટે છે. તેનાં કુમળા સફેદ ફૂલોનો પાવડર બનાવીને સવાર-સાંજ ખાવાથી ડાયાબિટીશની બીમારીમાં રાહત રહે છે. ચૈત્ર મહિનામાં લીમડાનો ઉકાળો પીવાથી શરીરમાંના નાના-મોટા અનેક રોગો નાશ પામે છે. લીંબોળીનું તેલ માથામાં નાંખવાથી માથામાંની લીખ અને જૂ નાશ પામે છે. વાળ સ્વચ્છ કરે છે. લીમડાંનાં પાનનો ધુમાડો કરવાથી મચ્છરના ઉપદ્રવથી બચી શકાય છે. લીમડાની લીંબોડીનો રસ મો પર લગાવવાથી ખીલ મટે છે.

❖ **કુંવારપાઠું :** દાઝેલા ભાગ ઉપર કુંવારપાઠું બાંધવાથી બે દિવસમાં રૂઝ આવી જાય છે. આટલું ઝડપી પરિણામ કોઈ એલોપથી દવા પણ લાવી શકતી નથી. તે પેટનો દુઃખાવો મટાડે છે. તથા ભૂખ લગાડે છે. સ્નાયુઓ મજબૂત બનાવે છે. તેનાથી ઘૂંટણની ઢાંકણી બદલવાની જરૂરિયાત રહેતી નથી. તે ગેસ, એસીડીટી, કબજિયાત, અલ્સર, દમ, અસ્થામા, ખરજવું, ખીલ, સંધિવા, કમરનો દુઃખાવો, લકવા વગેરે રોગોમાં પણ ખૂબ ઉપયોગી પુરવાર થયેલ છે. તેમાંથી સૌંદર્યવર્ધક પ્રોડક્ટ્સ બને છે. ચમડી લીસી અને મુલાયમ બને છે. આંખો નીચેના કુંડાળા દૂર કરે છે. કુંવાર પાઠાની છાલ કાઢી અંદરનો ગર્ભ નરણા કોઠે લેવાથી તમામ રોગો - ખાસ કરીને સાંધાના રોગોમાં રાહત થાય છે. હૃદયની શક્તિ વધે છે. આમ વાત મટે છે. શરીરના જોઈન્ટના દર્દોમાં આરામ મળે છે.

❖ **અરડુસી :** જેના આંગણે અરડુસી, ત્યાં ઉધરસ નહી' આ એક ખૂબ જાણીતી ઉક્તિ છે. તેના અર્ક સાથે રવૈયા અને લવિંગની ગોળી બનાવીને લેવાથી અસાધ્ય ગણાતો ક્ષયનો રોગ મટી શકે છે. તેનાં પાનને વાટીને શરીર પર લેપ કરવાથી ખંજવાળ આવતી બંધ થાય છે.

❖ **દુર્વા :** તેને ધરો પણ કહે છે. લોન બનાવવા તેનો ઉપયોગ થાય છે. આમ તે ઘર આંગણાની શોભા વધારે છે. તેના પ્રયોગથી નિઃસંતાન લોકોને સંતાન પ્રાપ્ત થાય છે. તે રતવા મટાડે છે, ડાયાબિટીસને કાબૂમાં રાખે છે તથા નસકોરી ફૂટતી બંધ કરે છે.

❖ **લજામણી :** તેના પાનને સ્પર્શ કરવાથી તે તરત બિડાઈ જાય છે. એટલે તેને લજામણી કહેવામાં આવે છે. તે બાળકોને આમળની તકલીફમાં રાહત આપે છે. સ્ત્રીઓમાં પણ લોહીવા અને રક્તપ્રદર બંધ કરે છે.(ક્રમશઃ)

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ કંથારીયા, તા. આંકલાવ સ્વ. સુરેશભાઈ શિવાભાઈ પટેલ (ઉંમર વર્ષ ૬૯) સંવત ૨૦૭૪ માગશર વદ-૫ તા.૦૭-૧૨-૨૦૧૭ ને ગુરૂવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ઓઝરાળા

ગોરધનભાઈ જે. ગાબાણી
(પીપળીયા)

પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી નો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ માગશર વદ સાતમને શનિવાર તા. ૯-૧૨-૨૦૧૭ના શુભ દિવસે પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય શ્રીની અધ્યક્ષતામાં તેમજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીની સમાધિ સ્થળ ઓઝરાળા ગામે મહામંડલેશ્વર વૃંદ તેમજ સંતો-મહંતો ભક્તોની મોટી સંખ્યામાં ઉજવાયો હતો. તા. ૮-૧૨-૨૦૧૭ને શુક્રવારે બપોરે ૩ કલાકે ભવ્યાતિત ભવ્ય શોભાયાત્રા ઓઝરાળા ગામમાં ધામધૂમથી નીકળી. ભજન-કિર્તન-ગરબા, નાચતા-કૂદતા મહોત્સ્વ સ્થળે પહોંચ્યા હતા. મંડપની બહાર સુંદર રંગોળી બનાવી હતી. ગુરૂ પરંપરાની પ્રતિમા પણ બનાવી હતી. સભાખંડ બહુજ સુંદર બનાવ્યો હતો. માધવમંદિર ખૂબજ સુંદર કે તેના દર્શન કર્યાજ કરીએ.

માગશર વદ સાતમ શનિવાર તા. ૦૯-૧૨-૨૦૧૭ સવારે ૬ કલાકે શ્રીગુરૂગીતાનો નાનો-મોટો પાઠ કર્યા હતો ત્યાર પછી અલ્પાહાર કર્યો હતો ને ૮-૩૦ કલાકે સદ્‌ગુરૂ પાદુકાનું પૂજન શરૂ કર્યું હતું. પૂજામાં ઓઝરાળા ગામના સેવકભાઈ એકજ સરખા ડ્રેસમાં ધોતી અને ગરમ સ્વેટર પહેરીને બેઠા હતા. ખૂબ શોભાયમાન લાગતુ હતું. ગુરૂ પૂજન કરવા ચાણોદથી વાસુદેવભાઈ બ્રાહ્મણ પધાર્યા હતા. ખૂબજ સુંદર રીતે પૂજન કરાવ્યું હતુ. પૂજન પુરૂ થયા બાદ ૧૩૭ મો નિર્વાણ પ્રસંગ હોવાથી ઓઝરાળા ગામના સેવકભાઈઓ એ ૧૩૭ ફુટનો ગુલાબના ફૂલનો હાર બનાવી દરેક પુજામાં બેઠેલા ભાઈઓએ એકી સાથે પ.પૂ. શ્રી૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીને ૧૩૭ ફૂટનો હાર પહેરાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ ગુરૂ પ્રત્યે કેટલી ભાવના છે તે ઓઝરાળા ગામના સેવક ભાઈઓમાં ભરપૂર ભાવના છે. ત્યાર પછી બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ વેદાન્તાચાર્યએ સ્ટેજમંત્રીપદ શોભાવ્યુ હતુ ને શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ (પ્રવચન) શરૂ થયો હતો. બપોરે સાડાબાર સુધી શ્રદ્ધાંજલી કાર્યક્રમ ચાલ્યો હતો. ગુરૂ પૂજન કરવાથી સર્વે દેવોનું પૂજન થઈ જાય છે. જીવનમાં ગુરૂ સેવા ઉત્તમ છે. સદ્‌ગુરૂ પ્રત્યક્ષ દેવ છે. માટે સદ્‌ગુરૂ ભગવાનની નિર્વાણતીથી પ્રસંગે તમામ કામ છોડી દર્શન કરવા જવુ. ત્યાર પછી સંતો તથા ભક્તો મહાપ્રસાદ લેવા પધાર્યા હતા.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ વલ્લભીપુર, હાલ વડોદરા સ્વ. કલ્યાણભાઈ ગાંડાભાઈ વાઘાણી (ઉંમર વર્ષ ૧૦૩) સંવત ૨૦૭૪ માગશર સુદ-૧૦ તા. ૨૯-૧૧-૧૭ ને ગુરૂવારના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ નવા નાવડા, હાલ સુરત સ્વ. પુનાભાઈ ભીખાભાઈ અણઘણ (ઉંમર વર્ષ ૭૧) સંવત ૨૦૭૪ માગશર વદ અમાસ તા.૧૮-૧૨-૨૦૧૭ ને સોમવાર ના રોજ માધવ શરણ પામેલ છે. સદ્‌ગુરુ ભગવાન જીવાત્માના આત્માને શાંતિ આપે.

શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.



## પૂ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્યનો કાર્યક્રમ

- તા.૦૧-૦૧-૨૦૧૮ થી ૩૧-૦૧-૨૦૧૮ સુધી
  સ્વામી શ્રી પ્રેમપૂરી સત્સંગ મંડળ - મિસ્ત્રી કોમ્પ્લેક્ષ, ૐ નગર ચાર રસ્તા પાસે જેબી નગર, અંધેરી (ઈસ્ટ) મુંબઈ
  પંચદશી તથા શ્રીમદ્ ભગવદગીતાનો સ્વાધ્યાય પ્રવચન કરશે.
- તા. ૧-૨-૨૦૧૮ થી તા. ૨૮-૦૨-૨૦૧૮ સુધી
  સ્વામી પ્રેમ પૂરી અધ્યાત્મ વિદ્યાભવન. સ્વામી પ્રેમપૂરી ચોક, બાબુલનાથ રોડ, હ્યુજીસ રોડ, મુંબઈ-૭. પંચદશી તથા ઉપનિષદનો સ્વાધ્યાય તથા પ્રવચન.

## પ.પૂ.શ્રી સદ્ગુરુ પાદુકા પૂજન - શ્રી માધવાનંદ આશ્રમ- ભાવનગર




અખંડ આનંદ મહિલા મંડળ-ભાવનગર દ્વારા પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ નિમીત્તે શ્રી માધવાનંદ આશ્રમમાં માગશર વદ સાતમને શનિવાર તા. ૯-૧૨-૨૦૧૭ના શુભ દિવસે સવારે ૬ કલાકે શ્રી ગુરૂગીતાનો પાઠ કર્યો હતો. ત્યારબાદ ૧૦ કલાકે ગુરૂ પૂજન અને બપોરે સમૂહભિક્ષા, સાથે ગૌદાનમાં a ૫૧,૦૦૦/- આપેલ છે. તેમાં a ૨૫,૦૦૦/- મંજુબેન વાઘાણી અને a ૫,૦૦૦/-મંજુબેન પવાસિયા તથા બાકીની રકમ મહિલા મંડળની અન્ય બહેનો તરફથી આવેલ

**-: દરેક સેવક ભાઈઓ બહેનોને ખાસ સુચના :-**

**ચાણોદ શ્રી માધવાનંદ આશ્રમમાં આવતાં પહેલાં આગલા દિવસે ઓફીસનો સંપર્ક ફરજિયાત કરવાનો રહેશે. ફોન. ૦૨૬૬૩-૨૩૩૩૬૨ મો. ૯૮૨૫૧૨૦૬૨૧**


**વેબસાઈટ : www.omshreemadhavanandji.org** GET IT ON Google play | Download on the App Store

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૧૦-૦૧-૨૦૧૮ સાંજે લીબાસી.
- તા. ૧૧-૧-'૧૮ પરમ પૂજ્ય સ્વામી શ્રી આત્માનંદજી મહારાજશ્રીનો ૮૦ મો નિર્વાણ જયંતિ મહોત્સવ લીંબાસી ગામે, તા. માતર, જિ. ખેડા પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.
- તા. ૧૮-૧-'૧૮ બપોર પછી વલસાડ જવા નીકળશે.
- તા. ૨૫-૧-'૧૮ સાંજે સુઘડ શ્રી આંતરરાષ્ટ્રીય શ્રીમાધવાનંદ આશ્રમ.
- તા. ૨૬-૦૧-૨૦૧૮ પરમ પૂજ્ય સ્વામીશ્રી નાગેશ્વરાનંદજી મહારાજશ્રી નો ૯૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ ભુવાલડી ગામે, તા. દસ્ક્રોઈ, જી. અમદાવાદ. પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.
- તા. ૦૮-૦૨-૨૦૧૮ પરમ પૂજ્ય સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજશ્રીનો ૭૩ મો નિર્વાણ જયંતિ મહોત્સવ સુઘડ શ્રી આંતરરાષ્ટ્રીય શ્રીમાધવાનંદ આશ્રમમાં પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.

## પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ



### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (દાણા) ૪૫૧

- **કથા પ્રારંભ :** મહા સુદ-૪, રવિવાર તા. ૨૧-૦૧-૨૦૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** મહા સુદ-૮ ને ગુરૂવાર તા. ૨૫-૦૧-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** મહા સુદ- ૧૦ ને શનિવાર તા. ૨૭-૦૧-૨૦૧૮.
- **કથા સ્થળ :** મુ.પો. દાણા, ઠે. પટેલ ફળિયું, તા. કપડવંજ, જિ. ખેડા.
- **આયોજક :** વિનાયકભાઈ શંકરભાઈ પટેલ તથા સમિતભાઈ શંકરભાઈ પટેલ

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (કંથારીયા) ૪૫૨

- **કથા પ્રારંભ :** મહા વદ-૧૦, શનિવાર તા. ૧૦-૨-'૧૮.
- **કૃષ્ણ જન્મોત્સવ :** મહા વદ-૧૪ ને બુધવાર તા. ૧૪-૦૨-૨૦૧૮.
- **કથા પૂર્ણાહૂતિ :** ફાગણ સુદ- ૧ ને શુક્રવાર તા. ૧૬-૦૨-૨૦૧૮.
- **કથા સ્થળ :** મુ. કંથારીયા, આંકલાવ, જિ. આણંદ
- **આયોજક :** જયંતિભાઈ ચૂનિભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ જયંતિભાઈ પટેલ, કમલેશભાઈ મોહનભાઈ પટેલ, હિતેશભાઈ રાવજીભાઈ પટેલ, જશુભાઈ ભીખાભાઈ પટેલ, રાવજીભાઈ ભીખાભાઈ પટેલ, આષીશભાઈ વિનુભાઈ પટેલ











પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૭ મો નિર્વાણ જયંતિ મહોત્સવ માગશર વદ-૭ ને શનિવાર તા. ૯-૧૨-૨૦૧૭ ના શુભ દિવસે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં તેમજ મહામંડલેશ્વર વૃંદ તેમજ સંતો-મહંતો તથા ભક્તોની હાજરીમાં ઓઝરાળા ગામે ધામધૂમથી ઉજવાયો હતો.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2019
POSTRAL REGI. NO. SRT-771/2017-19
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book



પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં મફત નેત્રયજ્ઞ, દંતયજ્ઞ નિદાન કેમ્પ તા. ૧૭-૧૨-૨૦૧૭ને રવિવારના દિવસે ચાણોદ ધામમાં ઓઝરાળા ગામના સહયોગથી યોજવામાં આવ્યો હતો.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**
: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-